

વર્ષ : ૨૧ માર્ચ–૨૦૦૮ અંક : ૬

* મનોનિગ્રહ *

મન ખૂબ જ ચંચળ છે, જક્કી છે, તોફાની, શક્તિશાળી, સુદૃઢ છે અને એનો નિગ્રહ વાયુના નિગ્રહ જેવો કપરો છે. સ્વભાવથી જ ચંચલ મનને પકડવાનો ને સ્થિર કરવાનો પ્રયત્ન કરીએ ત્યાં જ તે છટકી જાય છે. ક્યારે ને ક્યાં છટકી જાય છે તેની ખબર પણ નથી પડતી. ભગવાન કૃષ્ણ કહે છે કે મન ચંચળ છે. એને વશ કરવાનું કાર્ય કઠિન છે. તો પણ અભ્યાસ અને વૈરાગ્યથી વશ થઈ શકે છે. જે મન અને ઇન્દ્રિયોનો સંયમ સાધતો નથી એવા સાધકને માટે યોગની પ્રાપ્તિ કઠિન છે, પરંતુ મન–ઇન્દ્રિયોનો સમુચિત સંયમ સાધીને સાનુકૂળ, પ્રામાણિક પ્રયત્ન કરનારા સાધકને એની પ્રાપ્તિ થઇ રહે છે. અભ્યાસ એટલે **तत्र स्थितौ यत्नोऽभ्यासः ।** **तत्र** એટલે મનનું સ્વરૂપદર્શન ને સ્વરૂપસ્થિતિનું દાન દેનારી શાંત અવસ્થામાં. એમાં પ્રતિષ્ઠિત થવાનો પ્રામાણિક પ્રયત્ન જ અભ્યાસ છે. મનને અંતર્મુખ બનાવીને આત્માની અલૌકિક ચેતના તરફ વહેતું કરવું જોઇએ. આત્માભિમુખતા અને આત્માનુભવદ્વારા આત્માની સંસ્થિતિ માટેનો પ્રયત્ન જ સાચો આદર્શ અભ્યાસ છે. વૈરાગ્ય મનની દુન્યવી વિષયોપ્રત્યેની રાગરહિત અવસ્થા છે. એના મૂળમાં વિવેક હોય છે. વિવેકની મદદથી માનવ સમજે છે કે પ્રકૃતિ પરિવર્તનશીલ છે, એમાંથી પ્રાદુર્ભાવ પામનારા બધા પદાર્થો અસ્થાયી હોવાની સાથે શાશ્વતશાંતિ કે સનાતન સુખ આપી નથી શકતા. એકમાત્ર પરમાત્મા જ પરમસત્યસ્વરૂપ, શાંતિસ્વરૂપ, સુખસ્વરૂપ છે. એવી વિમલ વિવેકવૃત્તિને પરિણામે પરમાત્માને માટે રાગ પેદા થાય છે.

યોગેશ્વરજી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પ્રસન્ન મુદ્રામાં

પ્રાકટ્ય : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧

બ્રહ્મલીન : ૧૮ માર્ચ ૧૯૮૪

* યાદ તમારા વિના કરું શું? *

યાદ તમારા વિના કરું શું?

ઊઠી પ્રભાતે પ્રથમ તમારા,
ચરણોમાં પ્રણિપાત કરું છું;
શ્રદ્ધાના બે શબ્દ સુણાવી,
પ્રેમતણાં બે પુષ્પ ધરું છું. યાદ૦

તમે જ મારા સ્વજન હિતેચ્છુ,
માતપિતા ને ગુરુ ગણું છું;
પાલક તારક ને ઉદ્ધારક,
ક્લેશ તમારા થકી હણું છું. યાદ૦

તમારા સમું કો સંસારે,
તમને સ્વામી શ્રેષ્ઠ ગણું છું;
તન મન એક તમારા ભાવે,
સત્ય કહું દિનરાત વહું છું. યાદ૦

પાગલના પ્રભુ કૃપાળુ છો તો,
સ્તવન કરીને શાંતિ લહું છું;
જોજો ભૂલ ન થાય જરીયે,
વંચિત કૃપાથકી ન રહું હું! યાદ૦

— યોગેશ્વરજી

RNI No. 26/267/99 R – II

અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીઆ, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

અનુક્રમણિકા

શ્રી યોગેશ્વર કથામૃત	મા સર્વેશ્વરી	૩
સાચી શ્રદ્ધાંજલિ પૂ. ગુરુદેવશ્રીને	નારાયણ હ. જાની	૯
લક્ષ્મણઝૂલાથી દેવપ્રયાગની પદયાત્રા	કલ્યાણ	૧૩
વૈરાગ્યશતક	યોગેશ્વરજી	૨૧
પ્રેમ અને કૃપાની શરત	યોગેશ્વરજી	૨૩
પૂરી કરી જીંદગી	ચાતક	૨૪
SURRENDER	Adarsh Gopal	૨૫
સમર્પણ	આદર્શ ગોપાલ	૨૭
વિશ્વ ભૈષજ–મહાઔષધિ સૂંઠ	ડૉ. ઉમાકાંત જોશી	૨૮
સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ	યોગેશ્વરજી	૩૨
એક અનોખું અભિવાદન	મીનળ એસ. મેરાઇ	૩૬
ઘડપણ બિહામણું કે સોહામણું?	ડૉ. વિક્રમ પટેલ	૩૯
પરબના પાણી	કલ્યાણ	૪૩
Pujya Maa Sarveshwari	Yogesh Lad	૪૫
પૂ. મા સર્વેશ્વરી	અનુવાદ : નારાયણ હ. જાની	૫૦
શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં	યશસ્વીભાઇ ય. મહેતા	૫૫
રામકથા	યોગેશ્વરજી	૬૧

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૧ માર્ચ–૨૦૦૦ અંક : ૬

શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨૬–૭–૮૧, રવિવાર, આષાઢ વદ દસમ, ૨૦૩૭,

સ્થળ : વડોદરાથી મુંબઇ મુસાફરી.

સવારે મુંબઇ વીસાના કામ અંગે જવાનું હતું. તે ગાડીમાં જવું, વિમાનમાં જવું કે ઘરની ગાડીમાં તેનો નિર્ણય પણ પરમ-શક્તિ જ આપે અને સાચે જ પરમશક્તિના નિર્ણયને ગુપ્ત રાખ્યા છતાં એ જ પ્રમાણે ઘરની ગાડીમાં જ મુંબઇ જવાનું બન્યું.

જીતુભાઇ ગાંધીના નાના ભાઇની ગાડીમાં મુંબઇ આવવા વડોદરાથી વિદાય લીધી. સત્સંગીઓને જણાવ્યું હતું કે કોઇ સવારે આવશો નહિ. અત્યારે જ મળી લો. જેથી સૌ સાંજે જ મળીને વિદાય થયા હતા.

સવારે ૯–૦૦ વાગ્યે નીચે પૂ. શ્રી ઉતર્યા આજે સર્વેશ્વરીને

જે માલીશ કરે તેઓ સવારે આવ્યા હતા. એટલે પૂ. શ્રીએ માલીશ કરાવી લેવાનો આગ્રહ રાખ્યો. મુંબઇ જેટલે દૂર ૩૧૫ કિલોમીટર જવાનું હોવા છતાં પૂ. શ્રીને નિરાંત હતી. લગભગ ૯–૪૫ મિનિટે વડોદરાથી નીકળ્યા. સાથે શ્રી જીતુભાઇ ને શ્રી કુન્દનબેન પણ આ પ્રવાસમાં જોડાયાં.

આખાયે માર્ગમાં ખાસ વરસાદ ન હતો. પૂ. શ્રીના શબ્દોમાં કહીએ તો ગરમી ન લાગે એટલે પ્રભુએ વાદળાં, વર્ષા, ઘડીમાં થોડો તાપ આપીને આખાયે રસ્તે છાયા ધરી.

નવસારી આવતા પહેલાં એક વૃક્ષની નીચે બેસી જે ભોજન સાથે લીધું હતું તે પૂ. શ્રી સહિત સૌએ લઇ લીધું. પૂ. શ્રીએ બાજરાનો રોટલો ખાસ બનાવડાવ્યો હતો એટલે રોટલો, શાક, દૂધ અને થોડી મીઠાઇ ભોજનમાં લીધું.

એક બે સ્થાનોમાં વાહનવ્યવહાર બંધ થવાની તૈયારી હતી છતાં પ્રભુકૃપાથી ૫–૧૦ મિનિટના રોકાણ પછી માર્ગ સરળ થઇ ગયો.

મુંબઇ સમયસર આવી ગયાં. માટુંગામાં શ્રી જયંતભાઇ શાહ રહે છે, એટલે ત્યાં જવાનું બન્યું. તેઓ બે કલાકથી પૂ. શ્રીની રાહ જોતા નીચે ઊભા હતા.

શ્રી જે. વી. શાહના નામે ઓળખાતા પૂ. શ્રીના આ અનન્ય ભક્ત છે. મુંબઇનું બધું જ કામ એ ભાઇ જ કરે છે. પોતાનો વેપારધંધો પૂ. શ્રી જેટલા દિવસ મુંબઇ આવે એટલા દિવસ બાજુએ મૂકીને બને એટલી સેવા કરી છૂટવાની ભાવના સેવે છે. પ્રભુ એમની એ ભાવના પૂરી પણ કરે છે.

શ્રી જે. વી. શાહના ત્રીજા માળના ફ્લેટમાં જવાનું બન્યું.

એમનાં ધર્મપત્નીએ પણ યોગ્ય સત્કાર કર્યો. જરૂરી થોડી વાતો થઇ.

ત્યાંથી જ્યાં ઉતારો હતો તે શ્રી ધીરુભાઇને ત્યાં આવવાનું બન્યું, પૂ. શ્રી માટે ધીરુભાઇના ઘરમાં નીચે એક ગાદી પાથરી હતી. ત્યાં પૂ. શ્રી બેઠા. શ્રી ધીરુભાઇએ સુખડના હારથી પૂ. શ્રીનું સ્વાગત કર્યું.

પ્રભુની કૃપા કેવી? શ્રી જીતુભાઇના એક ખાસ સંબંધીનું ઘર આ મકાનમાં જ નીચે હતું. એટલે તે આખુંયે વૈષ્ણવ કુટુંબ પૂ. શ્રી પાસે ઉતારા ઉપર સત્સંગ માટે આવ્યું.

સૌએ પૂ. શ્રીને ફૂલહાર અર્પણ કર્યા. સૌ પૂ. શ્રી પાસે બેઠા.

એક અંગ્રેજી પુસ્તકની વાત નીકળી. એના અનુસંધાનમાં પૂ. શ્રીએ સ્વામી યોગાનંદ, દયામાતાની વાતો કરી.

આ ઘરના યજમાન શ્રી ધીરુભાઇએ પણ એક પ્રશ્ન પૂછ્યો.

ગત જન્મના પુણ્યોદયે આ મનુષ્યભવ મળ્યો પણ અમે આ જન્મે તો નવાં નવાં કર્મ બાંધતા જ જઇએ છીએ. ભાથુ તો કંઇ બંધાતું નથી.

પૂ. શ્રી : ભાથું બાંધવું જોઇએ. એમાં કોઇ ના ન પાડી શકે. તમે સવારસાંજ જપ, પ્રાર્થના પ્રભુસ્મરણ કરો. પ્રભુએ શક્તિ આપી હોય તો કોઇને મદદરૂપ થાઓ. એટલે નવું સત્કર્મ થાય છે.

પૂ. શ્રીએ આવીને તરત સ્નાન વિગેરે કરી લીધું. પછી સત્સંગ શરૂ થયો જે સાડા નવ વાગ્યા સુધી ચાલ્યો.

આવતી કાલની અમેરિકા જવાની વીસાની કામગીરી માટે અગત્યનો એક પત્ર લખાવ્યો. સમય ઘણો થઇ ગયો હતો. પૂ. શ્રીએ ૧૧ વાગ્યે આરામ કર્યો.

તા. ૨૭–૭–૮૧, સોમવાર, આષાઢ વદ અગિયારશ, ૨૦૩૭, સ્થળ : મુંબઇ.

સવારે પૂ. શ્રી સાત વાગ્યે પોતાના નિત્યકર્મમાંથી નિવૃત્ત થઇ બહાર જવા માટે તૈયાર થઇને પલંગ પર જ બેઠા છે.

શ્રી જે. વી. ભાઇ પોતાની ગાડી લઇને જરા મોડા આવે છે. એમની સાથે ભૂલાભાઇ દેસાઇ રોડ પર આવેલી અમેરીકન એમ્બેસીમાં જવાનું બને છે. ત્યાં એમની સાથે ૩૩ મો નંબર અંગત મુલાકાત માટે મળે છે. પૂ. શ્રી અહીં પણ શાંતિથી પોતાની ૧૦૦ માળા પૂરી કરી લે છે.

સર્વેશ્વરીને પણ ઓફિસમાં અંગત મુલાકાત માટે જવાનું બને છે. પૂ. શ્રીએ ખૂબ સંતોષકારક ને સરસ જવાબ આપ્યા. વીસા મળી ગયા. અમેરીકામાં પ્રવેશ મેળવવાની મંજૂરી મળી ગઇ.

શ્રી જે. વી. શાહની મરીન લાઇન્સ ઉપર આવેલી ઓફિસમાં જવાનું બન્યું. પૂ. શ્રીએ આજે મોડું મોડું ૧૨ વાગ્યે દૂધ લીધું. વળી થોડી મીઠાઇ લીધી. છેક ચાર વાગ્યે ઉતારા પર આવવાનું બન્યું.

પૂ. શ્રીએ આજે કહ્યું મુંબઇમાં ખાવાની રોટલી હોય સાથે સૂવા માટે ઓટલી હોય, જીવનમાં છોકરી મળી જાય ને વળી બુદ્ધિ જો હોય તો પોટલી પણ મળે. (પૈસાની સગવડ) રોટલી, ઓટલી ને પોટલીની પૂ. શ્રીએ વાત કરી.

શ્રી જે. વી. શાહ અમારી સાથે સવારે ૭ થી ૪ સુધી રહ્યા. એ રીતે શ્રી જીતુભાઇ, કુંદનબેન પણ પૂ. શ્રીની સાથે જ રહ્યાં.

અમેરિકન એમ્બેસીમાં વિવિધ જાતની રંગીન શોખીલી જનતા જોવા મળી. સૌ વીસાની કામગીરીમાં વ્યસ્ત હતાં. પણ પૂ. શ્રીને તો એ વાતાવરણ પણ અસર કરતું ન હતું. પોતાની માળા

ત્યાં પણ બેઠાં બેઠાં શાંતિથી કોઇ ન જાણે ને ન જુએ એમ કરી લીધી. એમ્બેસીમાં લગભગ સાડા ત્રણ કલાક રોકાવું પડયું.

ઘરે આવી થોડો આરામ કરી પૂ. શ્રીએ દોઢ કલાક લેખનકાર્ય કર્યું. સર્વેશ્વરીએ પણ એ દરમ્યાન ડાયરીની નોંધ કરી લીધી.

શિબિર પછી આબુ જવાનું બન્યું. ત્યારે ૪–૬–૮૧ થી ૨૬–૬–૮૧ ના દિવસો દરમ્યાન પૂ. શ્રી પરમશક્તિએ વીસા મળી ગયા છે એમ લખી આપ્યું હતું. અને તે સાચે જ સાચું પડયું. એ વીસાની કામગીરી માટે નવેસરથી કાગળો મંગાવવા પડયા હતા. છતાં એ વાત તદ્દન સત્ય બનીને સામે આવે ત્યારે એ ઘટનાના સાક્ષી તરીકે સર્વેશ્વરીને ખૂબ આનંદ થાય, એ સ્વાભાવિક છે. કેવા અલૌકિક સમર્થ સંતની છત્રછાયા મળી છે! તે અંગે સર્વેશ્વરી ગૌરવ અનુભવે છે.

સાંજે સાત વાગ્યે પૂ. શ્રી દ્વાર ખોલી નાંખે છે. સવાસાત વાગે પૂ. શ્રી બહાર આવીને બેઠકરૂમમાં પાથરેલી ગાદી ઉપર બેસે છે.

પૂ. શ્રીએ પોતે શું કર્યું તેની વાત કરતાં કહ્યું થોડો આરામ કર્યો. આરામ એટલે શું? આ... રામ. આ... રામ તરફ પૂરેપૂરા ચાલ્યા જાઓ. તે આરામ.

આજે સવારે વીસા માટે એમ્બેસીમાં લગભગ ચારેક કલાક બેઠા. આતો ચાર જ કલાક બેઠા. ભગવાનના દર્શન માટે તો જીંદગીની જીંદગી બેસવું પડે. એમાં કંટાળો કંઇ ચાલે?

ભગવદ્દર્શન માટે ધીમી ગતિએ ચાલીએ, મનમાં છળકપટ રાગદ્વેષ રહે તો એ વાર લાગે. અને ફ્રન્ટીયરમેલની જેમ પ્રભુદર્શન માટે ચાલો, મનને સ્વસ્થ રાખો, પવિત્ર રાખો. તો જ પામો. નહીં તો ભલભલા ગોથા ખાઇ જાય છે.

અમારું પ્રકાશના પંથેનું અંગ્રેજી કરવાનું કામ એક કલેક્ટર કરે છે. તેમણે શરૂ કર્યું. એમનાં પત્નીએ એમને પ્રેરણા આપી. કેટલીક પત્નીઓ સત્કર્મમાં બ્રેક મારનારી હોય, તો કેટલીક પત્ની

સત્કર્મમાં પંપીંગ કરનારી પણ હોય.

વળી વચ્ચે સર્વેશ્વરીની વાતો થઈ.

પૂ. શ્રી સર્વેશ્વરીનો ત્યાગ તેની સેવાની વાતો કરવા જ્યારે જ્યારે બેસે ત્યારે સહેજે બધી જ વાતો વિગતવાર કહેવા માંડે છે. સમય કેટલો પસાર થાય છે, જો કે તેનો પણ ખ્યાલ તો રાખે જ છે.

વળી ઝંબીયાના કાબવેના યજમાનની વાત કરી કહ્યું.

અમારે કંઈ એમની (યજમાન) સાથે પરિચય ન હતો. એઓ અમને ઓળખતા ન હતા. અમે એમને ઓળખતા ન હતા. એ તો મળે ત્યારે જ પરિચય થાય ને! આપણે જગતમાં આવ્યા તો કાંઈ ઓળખાણ લઈને થોડા આવેલા! જન્મ્યા એટલે ગાંઠો બાંધીએ મા–બાપની ભાઈ બેન વગેરે.

ત્યાગમાર્ગમાં સાચો વૈરાગ્ય ન હોય તો તે જીવન ઘરેડવાળું બને, પણ તે ત્યાગમય જીવનમાં જે ચમક આવવી જોઈએ, તે ન આવે, એ જીવનમાં પ્રાણ ન આવે. ઘરમાંથી નીકળ્યા પછી ત્યાગમય જીવનને ન્યાય આપવાનું કામ તો કોઈ ભાગ્યવાન જ કરી શકે છે.

પૂ. શ્રીએ આવી વાતો કર્યા પછી નમો અરિહન્તાણંનો લેખ રેડિયોટોક માટે તૈયાર કરેલો. તે વંચાવે છે. સૌ એ લેખન શાંતિથી સાંભળે છે.

સાડા નવ સુધી આ સત્સંગ ચાલ્યો. છેવટે શ્રી જે. વી. શાહ સાથે તા. ૫ કે ૮ ની ટિકિટો મળે કે નહિ તે અંગે એજન્ટ સાથે પણ પૂ. શ્રીએ વાતો કરી લીધી.

આજે અગિયારશ હોવાથી પૂ. શ્રીએ ફક્ત દૂધ જ લીધું. પછી આરામ કર્યો. હરિઃ ૐ. (ક્રમશઃ)

સાચી શ્રદ્ધાંજલિ પૂ. ગુરુદેવશ્રીને

નારાયણ હ. જાની

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ ૧૮ મી માર્ચ, ૧૯૮૪ ના દિને પોતાની ભૌતિક લીલા સંકેલી લીધી. ત્યારે ઘણું દુઃખ થયું. એક ન પૂરાય તેવો આધ્યાત્મિક ખાલીપો પણ ઊભો થયેલો અનુભવાયો. ત્યારે ખબર નહોતી કે એ મહાપુરુષે–સાધકોને એવો અનુભવ ના થાય તેની યોજના પહેલાંથી જ વિચારીને–પોતાનાં ઉત્તરાધિકારી તરીકે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને પ્રસ્થાપિત કરતા ગયેલા. ત્યારે આનો સ્પષ્ટ ખ્યાલ નહોતો આવતો. જો કે એ મહાપુરુષ તો તેની ઘોષણા "મા સર્વેશ્વરી–એક પરિચય"–માં કરી દીધેલી, પણ તેની પ્રતીતિ તો સમય જતાં જ સાધકોને થઈ. તે માટે એ મહાપુરુષનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

પૂ. ગુરુદેવે સાધકોના જીવનમાં ઘણું આપ્યું છે. સૌથી મોટું તેઓશ્રીનું પ્રદાન હોય તો સાચી આધ્યાત્મિક સમજ આપણને આપી. ધર્મનું હાર્દ સમજાવ્યું અને સંસારમાં રહીને પણ પ્રભુના પંથે પગલાં કેમ પાડી શકાય, તે શિબિરો યોજીને પ્રત્યક્ષ સમજાવ્યું.

પોતાની માતાજીને પોતાની સાથે રાખ્યાં. ભગવું કપડું પહેરી સંન્યાસી ના બન્યા. છતાં મનના સંન્યાસને આચરીને પ્રભુની પ્રાપ્તિ કરી.

ભૌતિક ગુરુ મળે કે ન મળે, પરંતુ સાચી શ્રદ્ધા હોય, લગન હોય ને પુરુષાર્થ માટેની તત્પરતા હોય તો પ્રભુ મદદ કરે છે જ. એનું ઉદાહરણ તેઓશ્રીનું જીવન છે.

માણસો જો જીવનમાં પ્રમાણ જાળવીને જીવે તો–રાષ્ટ્રપ્રેમ પણ સાધનામાં બાધક થતો નથી. પૂ. ગાંધીજીની જેમ, પૂ. યોગેશ્વરજી પણ રાષ્ટ્રપ્રેમી હતા. છતાં તેઓ બીજાં રાષ્ટ્રોની સ્વાધીનતાને પણ સ્વીકારી આદર કરતા. અરે, તેઓ તો સાચા અર્થમાં એક વિશ્વપ્રેમી માનવ હતા. સંકુચિતતા તેમના જીવનમાં ક્યાંય કોઇ વાતમાં જોવામાં આવતી નહિ. સાચો રાષ્ટ્રપ્રેમ–માનવને જન્મભૂમિનું ગૌરવ શીખવે છે–તેને સંકુચિત બનાવતો નથી. આ વાત તેઓશ્રીના જીવનમાં પ્રત્યક્ષ દેખાતી.

પોતે ત્યાગી તરીકેનું જીવન જીવ્યા. છતાં ગૃહસ્થાશ્રમને તેઓએ કદી વખોડયો નથી. ઉલ્ટુ તેનો આદર કર્યો છે. તેઓએ કહ્યું પણ છે કે માનવ સાચી રીતે ગૃહસ્થ બની જીવે તો પ્રભુ-પ્રાપ્તિમાં તે બાધક થતો નથી. આપણા બધા જ ઋષિઓ ગૃહસ્થી જ હતા. તેઓ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

પૂ. યોગેશ્વરજીએ ખૂબ કષ્ટદાયક તપ કર્યું છે. અનેક ઉપવાસો અને ઉજાગરાઓ વેઠીને સાધનાનું નવનીત પોતાનાં પ્રવચનો અને પુસ્તકોમાં તેઓ ધરતા ગયા છે. તેઓએ સમજાવ્યું છે કે પ્રભુપ્રાપ્તિ માટે ક્યાંય ભાગીને જવાની જરૂર નથી, જ્યાં છો ત્યાં સારી રીતે રહીને–પોતાનું કર્તવ્ય બજાવ્યે જાઓ. પ્રભુને હંમેશ પ્રત્યક્ષ માની સૌની સાથે પ્રેમમય વ્યવહાર કરો. આ દુનિયામાંથી એક દિવસ જવાનું જ છે એ વાત સદા યાદ રાખીને જીવો. કોઇ સંબંધો કાયમી નથી તેમ સમજીને ક્યાંય આસક્ત ના થાઓ. છતાં સહુ સાથે પ્રેમથી વ્યવહાર કરો. સહુ પ્રભુનાં જ સ્વરૂપો છે એમ સમજી ઋણાનુબંધ પૂરા કરો.

કદી ફરિયાદ ના કરો. દરેક પરિસ્થિતિના સર્જક આપણે જ

છીએ. આપણા જ કોઇને કોઇ કર્મના ફળસ્વરૂપે આજની પરિસ્થિતિ અને વ્યક્તિઓના મેળાપ થયેલા છે. એટલે તેને શાન્તિપૂર્વક સહન કરીને જીવો. આ દિવસો પણ ચાલ્યા જશે એ સૂત્ર હંમેશ યાદ રાખો. સુખના કે દુઃખના કોઇ દિવસો કાયમી નથી. આ બધી વાતો એ મહાપુરુષે આપણને સમજાવી છે. એટલે તેમને જીવનમાં ઉતારીને જીવીએ.

આપણા જીવનમાં પ્રભુને પણ સ્થાન આપીએ. એનું સ્મરણ કરીએ ને શક્ય હોય તેટલું બીજાના ભલા માટે કાર્ય કરી છૂટીએ.

સાદુ સરળ પવિત્ર જીવન જીવવાનો આગ્રહ રાખીએ. પૂ. ગુરુદેવ એવું જ જીવન જીવી ગયા. આપણી વચ્ચે રહીને જીવ્યા. ભૌતિક સંપત્તિને એમણે કદી અવગણી નથી, પરંતુ આત્મિક ઉન્નતિના ભોગે તે મેળવવી નહિ. આધ્યાત્મિક અને ભૌતિક સંપત્તિ વચ્ચે વિવેકપૂર્વકનો સમન્વય જાળવવાની વાત તેઓએ કહી છે. એટલે આજની આંધળી ભૌતિક દોટના પ્રવાહમાં આપણે ના તણાઇ જઇએ તે આપણે જોવાનું છે. એ માટે જ પૂ. મા સર્વેશ્વરીએ સૂત્ર આપ્યું છે. "જાગતે રહો." દરેકે પોતાના ચોકીદાર બનીને જીવનને યોગ્ય રાહે દોરવાનું છે. જ્યાં મુશ્કેલી પડે ત્યાં પૂ. ગુરુદેવ અને પૂ. મા છે જ–એવી શ્રદ્ધાથી જીવવાનું છે–સાચા હૃદયથી પોકારશો તો તેઓ અવશ્ય સાંભળશે જ,–એ વાતમાં વિશ્વાસ રાખીએ.

પૂ. ગુરુદેવ માટેની સાચી શ્રદ્ધાંજલિ તેઓના ચીંધેલા માર્ગે ચાલીને આપણે ધરી શકીએ. જીવનથી ગભરાવાની જરૂર નથી. ક્યાંય ભાગવાની પણ જરૂર નથી, કંટાળવાની કે તેને ટૂંકાવી દેવાની પણ જરૂર નથી, પ્રભુએ આપેલું જીવન ખરે જ મધુર ને જીવવા જેવું છે. તેને સરસ રીતે જીવીને–પ્રભુની સૃષ્ટિમાં ક્યાંય

ખલેલ પહોંચાડયા વિના જીવીએ. તન અને મન સારાં રાખીને જીવીએ.

પૂ. શ્રીએ આ વાતો આપણને સરસ રીતે સમજાવી છે. તેમને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ જ આપણે કરવાનો છે. તે આપણે જાતે જ કરવો પડશે. બીજાઓ એમાં માર્ગદર્શન આપી શકે–બાકી પ્રગતિના પંથે તો આપણા પગોએ જ ચાલવું પડવાનું.

આમાં કોઇ સંપ્રદાયની કે ધર્મની વાડ આડી આવતી નથી. દરેક માનવ માટેનો આ સીધો સાદો સાત્ત્વિક સરલ સમુન્નતિનો માર્ગ છે–કોઇ પણ તેને અનુસરી જીવનની ધન્યતા પામી શકે છે.

આ બધી વાતો વિચારી, તેનો અમલ જીવનમાં કરી એ મહાપુરુષને આપણે સાચી શ્રદ્ધાંજલિ અર્પી શકીએ. પૂ. ગુરુદેવનો જય હો, જય હો, જય હો.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

લક્ષ્મણઝુલાથી દેવપ્રયાગની પદયાત્રા

કલ્યાણ

તા. ૧૫, ડીસે. ૯૯ થી તા. ૧૧, જાન્યુ. ૨૦૦૦ ના દિવસો દરમ્યાન પૂ. શ્રી માએ હરિદ્વારના ગંગાતટને લીલાવિહારનું સૌભાગ્ય આપ્યું. પરમમાતા શ્રી શ્રી મા સર્વેશ્વરીએ પોતાના વાત્સલ્ય વૈભવની બાળકો માટે છૂટે હાથે લ્હાણી કરીને ગંગા-તટના લીલાવિહારને અવિસ્મરણીય બનાવી દીધો. દર્શનની ગંગા અને વાત્સલ્યની યમુના ભરપૂર વહાવીને પોતાના બાળકોને એ પરમ પ્રયાગરાજના તીર્થમાં નિશદિન સ્નાન કરવાનું સૌભાગ્ય આપીને ધન્ય કરી દીધા! એ માતૃદર્શન અને માતૃવાત્સલ્યનો વૈભવ માણીને બાળકો કૃતાર્થ થઇ ગયા.

રોમ રોમ ન્હાયાં રસમાં ને, ધન્ય થયા સાચે,
કૃતાર્થ અંતર મસ્ત બન્યું બીજું શું જાચે?
હાલી ઊઠયાં હૈયા હેતે, દર્શન દિવ્ય મળ્યાં આજે.

દર્શન તેમ જ વાત્સલ્યનું પરમસુખ ધરીને પૂ. શ્રી માએ બાળકોના દિવ્યજીવન માટે સંસ્કાર ઘડતરની અમૃતધારા વહાવી દીધી.

પૂ. શ્રી માએ બાળકોના સંસ્કાર ઘડતર માટે જરા પણ કચાશ રહેવા દીધી નથી. બાળકોને એક ઘડીનો પણ પ્રમાદ સેવવા દીધો નથી. પૂ. શ્રી મા સતત જાગતાં રહ્યાં અને બાળકોને જગાડતાં રહ્યાં. ભરપૂર ઠંડી વચ્ચે પણ ભરપૂર પ્રયાસો કરતાં રહ્યાં.

પ્રણામો, પદયાત્રાઓ, મંત્રગાન અને સંકીર્તન એ પૂ. શ્રી મા

દ્વારા આર્યનિવાસમાં કરાવાતી સાધનાના મુખ્ય અંગો રહ્યાં છે, તો વળી પૂ. શ્રી માએ ધારણ કરેલી પરમ પ્રસન્ન પ્રકૃતિદ્વારા પ્રકટ થતી હળવી નિર્દોષ હાસ્ય મંજરીઓ, અષ્ટાંગયોગનો પર્યાય બનીને સમાધિસુખની અનુભૂતિ કરાવી રહી.

પૂ. શ્રી માએ આ વખત પદયાત્રાઓને બાળકોના સંસ્કાર ઘડતર માટે મુખ્ય સાધન બનાવ્યું છે. છેક ૧૯૯૨ માં થયેલી દશરથની પદયાત્રા વખતે બ્યાસીના બસસ્ટેન્ડપર એક બહાદૂર કન્યાને સાઇકલપર પ્રવાસ કરતાં જોઇને પૂ. શ્રી માને ઋષિકેશથી દેવપ્રયાગસુધીની પદયાત્રા કરવાનો વિચાર સ્ફૂરેલો. તેનો અમલ તા. ૨૮/૨૯/૩૦ ડીસે. ૧૯૯૯ ના રોજ ત્રણ દિવસની પદયાત્રા કરાવીને કર્યો.

પૂ. શ્રી માનો સાહસિક સ્વભાવ હમેશાં સાહસના કાર્યક્રમો ઘડ્યાં કરે છે. પૂ. શ્રી માના આ પરાક્રમી સ્વભાવને લીધે જ તેમણે સાધનાના ઉન્નત શિખરો સર કર્યાં છે. અત્યારસુધી પૂ. શ્રી માએ અનેક સાહસિક પદયાત્રાઓ કરી છે. સમશૃંગી, બાહુબલિ, વૈષ્ણવીદેવી, દશરથ વગેરે તીર્થસ્થાનોની યાત્રાઓ પૂ. શ્રી માએ વર્ષોના ઉપવાસી શરીરે અને ખુલ્લા પગે કરી છે. કામારપુકૂર અને જયરામવાટીના તીર્થસ્થાનોની પદયાત્રા તો પૂ. શ્રી માએ સંકીર્તન-માં મસ્ત બનીને કરી છે.

તાજેતરમાં થયેલા ભયંકર અકસ્માતને લીધે પગમાં કરેલાં ઓપરેશનોને લીધે લાંબી પદયાત્રાઓ પૂ. મા માટે હમણાં શક્ય નથી, છતાં પૂ. શ્રી માનો સાહસિક સ્વભાવ બાળકોદ્વારા પણ પદ-યાત્રા કરીને સાહસનો આનંદ માણ્યા કરે છે. લક્ષ્મણઝુલાથી દેવ-પ્રયાગસુધીની આ પદયાત્રાનું સંપૂર્ણ આયોજન પૂ. શ્રી માનું જ

હતું. બાળકોએ તો પૂ. શ્રી માની ઇચ્છાનો કેવળ અમલ જ કરવાનો હતો.

પૂ. શ્રી માનું બાળકો માટેનું આ સંસ્કાર ઘડતર છે. પૂ. શ્રી માને પોચટ સ્વભાવના નમાલા બાળકો ગમતાં નથી. શારીરિક અને માનસિક તંદુરસ્તીથી ઉભરાતાં બાળકો પૂ. શ્રી માને ગમે છે. શરીર અને મનને પૂ. શ્રી મા બરાબર કસે છે અને બાળકો પાસે કસાવે છે. પૂ. શ્રી માનું મનોબળ એટલું તો દૃઢ છે કે શરીરનો એક પણ અવયવ કે મનનો એક પણ વિચાર પૂ. શ્રી માના આત્મિક સંકલ્પથી વિરુદ્ધ વર્તી શકતો નથી. પૂ. શ્રી માના સત્તા-વાહી પ્રબળ સંકલ્પ આગળ શરીર અને મન હાથ જોડીને ઊભાં રહે છે. પૂ. શ્રી માના કોઇ પણ સંકલ્પને પાર પાડવા શરીર અને મન હમેશાં તૈયાર થઇ જાય છે.

દૃઢ મનોબળ, તપ અને વ્રતદ્વારા પૂ. શ્રી માએ આત્મિક ઉત્થાનનો અજોડ ઇતિહાસ સર્જ્યો છે. આત્મિકપંથે અટક્યાવગર અવિરત ચાલતાં જ રહેવું એ પૂ. શ્રી માનો સ્વભાવ છે. જોમ અને જુસ્સાપૂર્વક પ્રભુપંથે પૂ. શ્રી મા ચાલી રહ્યાં છે અને બાળકોને ચલાવી રહ્યાં છે.

પૂ. શ્રી માનું સ્મિત કદી પણ કરમાતું નથી. ગમે તેવા વિપ-રિત સંજોગો પણ તેનો વિલય કરી શકતા નથી. અકસ્માતના સંજોગોમાં આપણે આ સ્મિતની ખુમારી માણી છે.

કષ્ટ કારમું પડે છતાંયે,
માને ના કદિ હાર;
સુમન સમાન સુવાસ ધરે છે,
આવે પર્વતમાળ.

સ્મિતના કરમાયે કદિકાળ,
અમર રે' હરસ્થળ ને હરકાળ.

પરમ પુરુષાર્થના પંથે પૂ. શ્રી માએ અજોડ સીમાચિહ્નો ઊભાં કર્યાં છે, ઉપવાસો અને પ્રણામોની હારમાળા સર્જીને અદમ્ય જોમ, ઉત્સાહ અને જુસ્સાના દર્શન કરાવ્યાં છે.

વાત ગળે ઉતરે કે ના ઉતરે પરંતુ પૂ. શ્રી મા પરમપ્રેમ અને પરમશક્તિનું પ્રકટ સ્વરૂપ છે. જેનું દર્શન પૂ. શ્રી માના નિત્ય લીલાવિહારમાં સહજ થયા કરે છે. બાળકોદ્વારા કરાવાતી આ પદયાત્રામાં પણ પૂ. શ્રી માના પ્રેમ અને પરમ પુરુષાર્થના દર્શન આપણે કરી રહ્યા છીએ. આ પદયાત્રાદ્વારા પૂ. શ્રી માએ બાળકોને પોતાના વાત્સલ્ય અને વીરતાનું પાન કરાવીને સંસ્કારસમૃદ્ધ કર્યાં છે. આપણે આ પદયાત્રામાં પગલે પગલે પૂ. શ્રી માએ સીંચેલા સંસ્કારોનો પડઘો સાંભળવાના છીએ.

પૂ. શ્રી માએ જ્યારે પદયાત્રાનો નિર્ણય જાહેર કરી સંમતિ-સૂચક હાથ ઊંચા કરાવ્યા, ત્યારે ફક્ત યુવાન છોકરાઓએ જ હાથ ઊંચા કર્યા. કલ્યાણ, મધુભાઇ, શ્યામભાઇ જેવા ૬૦ વર્ષની આસ-પાસ પહોંચેલા શાંતિથી બેસી રહ્યા! અતિશય ઠંડી અને આ ઉંમરે શરીર સાથ આપશે કે કેમ તેની દ્વિધામાં ઉંમરલાયક છોકરાઓ અટવાયેલા હતા. પરંતુ પૂ. શ્રી માને ૬૦ વર્ષની વયે ઘરડાં થવાનુ મંજૂર નહોતું. એટલે પૂ. શ્રી માના એક જ ઈશારે પદયાત્રા માટે તૈયાર થઇ ગયા!

પૂ. શ્રી માની પ્રેમભરી આજ્ઞાઓ મસ્તકે ચઢાવવી તે છોકરા-ઓ માટે પ્રેમાનંદમસ્ત સાધના છે. એ પ્રેમભરી આજ્ઞાઓમાં છોકરાઓના આત્મશ્રેય વિના બીજું શું હોય? ખરેખર તો એ

પરમમાતાનું વાત્સલ્ય જ આજ્ઞાના લાડભર્યા શબ્દોમાં સહજ વહી રહે છે. એ પરમમાતાનો બાળકોપ્રતિ વહેતો દરેક શબ્દ બાળકોના આત્મશ્રેય માટે રચાતી વેદરુચા જ છે. એ પરમમાતાના પરમ આત્મામાંથી પ્રકટતો દરેક ભાવ બાળકોના આત્મશ્રેય માટેનું પ્રકટ શાસ્ત્ર છે. એ પ્રકટશાસ્ત્રને કોઇના આલંબનની જરૂર નથી. પૂ. શ્રી મા તો પરમશક્તિનું પ્રકટ સ્વરૂપ છે. એ સર્વાધારને કોઇના પણ આધારની ક્યાં જરૂર રહે છે?

બાળકો માટે પૂ. શ્રી માની આજ્ઞા જ સર્વકાંઇ સાધનના સારરૂપ છે એટલે પૂ. શ્રી માની આજ્ઞા થતાં જ વર્ષની ગણતરી ભૂલાઇ ગઇ અને સૌ જવા માટે તૈયાર થઇ ગયા! માતૃવાત્સલ્ય માણવાનો મહાનંદ કોણ જતો કરે? એ પદયાત્રા તો એ માતૃ-ચરણોનું ચરણામૃત હતું!

પૂ. શ્રી માની ઇચ્છાથી થયેલી આ પદયાત્રા ખરેખર તો માતૃ-વાત્સલ્યયાત્રા હતી! આ પદયાત્રા સાચા અર્થમાં માતૃસ્મરણની પ્રદક્ષિણા જ હતી. પદયાત્રા કરતાં કરતાં મન સતત પૂ. શ્રી માના પાવન સ્મરણદ્વારા એ માતૃતીર્થની પ્રદક્ષિણા કરતું રહ્યું. સ્થૂળ રીતે દૂર રહીને પણ મનથી સતત બાળકોની પાસે જ રહ્યાં. પોતાના બાળકોને આ સાહસિક પદયાત્રા કરાવવાનો આનંદ પણ પૂ. શ્રી માને અનેરો હતો. પૂ. શ્રી માએ બાળકોને આ કઠિન પદયાત્રામાં પડતા શ્રમને લક્ષમાં લઇને દરેક બાળકને ગોળ અને ચણાનું પૌષ્ટિક ભાથુ બાંધી આપ્યું અને રસ્તામાં ખર્ચ કરવા રૂપિયા પણ આપ્યા.

પૂ. શ્રી માને પ્રણામ કરીને, 'ૐ યોગેશ્વરાય નમઃ' મહામંત્રનું ગાન કરતાં જ્યારે બાળકોએ ખભે સામાનના થેલા ભરાવીને

પદયાત્રીના વેશ સાથે પૂ. શ્રી માની વિદાય લીધી, ત્યારે એ માતૃ-હૈયે હરખ જાણે સમાતો ન હતો. પોતાના બટુકોને સાહસિકયાત્રા-એ મોકલીને આ સાહસિક માતાએ વીરતાભર્યો શંખનાદ કરતા કહ્યું. 'આટલી ઠંડીમાં પણ રસ્તા વચ્ચે જ રાત રહેવું પડે તેની તૈયારી સાથે જ પ્રયાણ કરવાનું છે. આ સાથે જ પરમમાતાના વીરતાભર્યા સંસ્કારોને દીપાવવા બાળકોએ પદયાત્રા શરૂ કરી!

પૂ. શ્રી માની આજ્ઞા પ્રમાણે પ્રથમ રાત ઋષિકેશમાં શ્રી દેવકીબાઈની ધર્મશાળામાં વીતાવી. બીજે દિવસે લક્ષ્મણઝુલાથી પદયાત્રા શરૂ કરવાની હતી. આ પદયાત્રા ફક્ત શુષ્ક વાતોના ગપાટા મારતી પદયાત્રા ન હતી, પરંતુ શ્રી ગુરુદેવપ્રભુના પ્રેમ-ભીના સ્મરણ સાથેની આત્મિક આરાધનાની યાત્રા હતી. એટલે તો પૂ. શ્રી માએ શ્રી દેવકીબાઈની ધર્મશાળામાં પ્રથમ રાત ગાળવાનું કહ્યું કે જ્યાં શ્રી ગુરુદેવપ્રભુએ એક વર્ષ સુધી મેને-જરપદે રહીને કઠિન તપનો પ્રારંભ કર્યો હતો! અમે જ્યારે શ્રી દેવકીબાઈની ધર્મશાળામાં પગ મૂક્યો ત્યારે શ્રી ગુરુદેવપ્રભુએ 'પ્રકાશના પંથે'માં આલેખેલા સંસ્મરણો તાજાં થયાં.

શ્રી ગુરુદેવપ્રભુએ પ્રથમ વખત શ્રી દેવકીબાઈની ધર્મશાળામાં પદાર્પણ કર્યા હતાં તે જ સ્થિતિમાં આજે પણ એ ધર્મશાળા છે. એટલે શ્રી ગુરુહરિનાં અસલ સંસ્મરણો તે જ સ્થિતિમાં માણવા મળ્યાં. એ જ એમનો સાધના માટેનો સાધારણરૂમ, જ્યાં બેસીને વહીવટ કરતા એ જ ઓફિસરૂમ, એ જ રસોડું એ જ ફળિયા વચ્ચેનો કૂવો, બધું જ પૂ. શ્રીની યાદ અપાવતું એમને એમ છે. ઓફિસરૂમમાં પૂ. શ્રી અને પૂ. શ્રી માના સ્વરૂપોનું દર્શન કરીને સૌ બાળકોએ પ્રણામ કર્યાં. ધર્મશાળામાં ઉતારો કરીને બાળકો ઋષિકેશમાં લટાર મારવા નીકળ્યા. શ્રી ગુરુદેવપ્રભુ જ્યાં ગંગા-

સ્નાન કરવા જતા તે વિશ્રામઘાટે તો આજે નવું સ્વરૂપ ધારણ કરી લીધું છે. વિશ્રામઘાટ પાસે આવેલી મહાલક્ષ્મી ભોજનશાળા કે જ્યાં પૂ. શ્રી ક્યારેક ભોજન માટે જતા ત્યાં પણ બાળકો ગયા અને માલિક સાથે ભળી જઈને જાતે ભોજન બનાવીને પૂ. શ્રીના સંસ્મરણો વાગોળતા વાગોળતા ખૂબ જ પ્રેમથી જમ્યા. ઋષિ-કેશની ગલીઓમાં ફરતા પૂ. શ્રીનું સ્મરણ કરતા ધર્મશાળામાં આવી પ્રાર્થના અને સત્સંગ કરતાં પૂ. શ્રીના શ્રી ચરણોમાં માતૃ-સ્મરણ કરતાં કરતાં વિશ્રામ પામ્યા.

બીજે દિવસે તા. ૨૮ ડીસે. ૯૯ના રોજ વહેલી સવારે ઊઠી ઓફિસમાં જઈ પૂ. શ્રી અને પૂ. શ્રી માનાં સ્વરૂપોને પ્રણામ કરીએ ધર્મશાળાના તીર્થધામની વિદાય લઈને લક્ષ્મણઝુલા આવીને ત્યાંથી પદયાત્રાની શરૂઆત કરી દીધી.

સુસવાટાભેર વાતા ઠંડા વાયરાના સપાટા વચ્ચે પણ ખૂબ જ ઉત્સાહભેર બાળકોએ 'ૐ યોગેશ્વરાય નમઃ'ના મંત્રઘોષ સાથે ખભામાં સામાનના થેલા ભરાવીને પદયાત્રા શરૂ કરી દીધી. શરૂ-આત હતી એટલે શરીરમાં જોમ અને સ્ફૂર્તિ હતાં. હિમાલય અને ગંગાજીનું સૌંદર્ય માણતાં માણતાં પ્રભુસ્મરણ કરવાનો અદકેરો લ્હાવો સૌ બાળકો માણી રહ્યા હતા. યુવાન બાળકોનો આનંદ તો ક્યાંય સમાતો ન હતો. શ્રી સ્નેહલ, હેમલ, નિલેષ અને દિવ્યેશ તો કુદરતના સાન્નિધ્યને માણતા, સંકીર્તન કરતાં ઉછળતા, કૂદતા અનેરી મસ્તી માણતા પદયાત્રાનો આનંદ લૂંટતા હતા.

હિમાલયના દેવપ્રયાગતીર્થની સૌને માટે આ પહેલી જ પદયાત્રા હતી. હિમાલય અને ગંગાજીનું આટલી શાંતિથી સૌંદર્ય માણવાનો આ પહેલો જ અવસર હતો. હિમાલય અને ગંગાજીનું

સતત પાવન સાન્નિધ્ય મનમાં પવિત્રભાવોની સહજ સૃષ્ટિ રચતું હતું. પરમશક્તિની આ સૃષ્ટિલીલા ખુલ્લી આંખો માણી રહી હતી તો અંતર પણ એ જ પરમમાતાના સ્મરણલીલામાં ગૂંથાયેલું હતું! માતૃસ્મરણનું આ માથાબોળ સ્નાન હતું!

સૌ પોતપોતાની ચાલમાં મસ્તીમાં ચાલ્યા જાય છે. આજે કોઈને કોઈના સંગાથની જરૂર નથી. યુવાન છોકરાઓ મંજીરાના નાદ સાથે સૌથી આગળ સંકીર્તન કરતા ચાલ્યા જાય છે. હિમાલયના ગગનમાં મુક્ત વિહાર કરતા હોય તેમ પૂ. શ્રી માના આ બાલપંખીઓ છૂટીછવાઈ પંક્તિઓમાં મુક્ત વિહાર કરી રહ્યા છે. કોઈ વિશ્રામસ્થળે સૌ સાથે મળે છે અને પૂ. શ્રી માએ આપેલું ગોળ ચણાનું ભાથું સાથે મળીને કલરવ કરતાં આરોગે છે અને ફરીથી સ્વૈરવિહારમાં મસ્ત બની જાય છે.

અહીં ફક્ત ચાલવું એ ધ્યેય ન હતું, પરંતુ માતૃસ્મરણ એ ધ્યેય હતું. અત્યાર સુધી પૂ. શ્રી અને પૂ. શ્રી માએ પોતાનું પરમ સાન્નિધ્ય ધરીને પ્રભુપંથે ચલાવ્યા છે એ પરમપુરુષોના સાન્નિધ્યમાં આ પરમપંથ કેટલો કપાયો છે તે આવા એકાંત રમણીય સ્થળે માપી શકાય છે. મનની સ્થિતિ કેવી છે. તે તપાસવાની સરસ તક પૂ. શ્રી માએ આ યાત્રાદ્વારા આપી છે. હિમાલયમાં ગંગાતટે વિહાર કરતાં કરતાં મન ક્યાંય દુન્યવી દુનિયાની ગલીઓમાં તો નથી પહોંચી જતું ને? દેહના કે સંસારના સંબંધોની ઝંખના રહે છે ખરી? વાહ વાહ થતી હોય તેવી માનની મહેફિલ માણવાની મનને ઈચ્છા થાય છે? કંઈક પ્રાપ્તિની, અહંકારની એષણા માથુ ઊંચકતી દેખાય છે ખરી? મોહની સુંવાળપ મનને પોતાની લપસણી ભૂમિ તરફ દોરી જાય છે? સાધના કે સાન્નિધ્યની ઈર્ષ્યાભરી હરિફાઈ પણ ક્યાંય પીડતી તો નથીને? (ક્રમશઃ)

વૈરાગ્યશતક

(જાન્યુઆરી–૨૦૦૦ થી આગળ) યોગેશ્વરજી

૫

અગ્રે ગાતા સરસ કવિઓ, કામિની પૃષ્ઠભાગે,
પંખા ઢાળે વ્યજન કરતી પાયના ઝંઝરોથી,
હોયે આ તો જગતરસના સ્વાદમાં રક્ત થાજે,
તે ના હોયે ભલા, તો
સમાધિ નિર્વિકલ્પમાં પ્રવેશ સદ્ય પામજે!

૬

વીણાનાદ ક્યહીં, ક્યહીં રુદનના કંપાવતા છે ધ્વનિ,
જ્ઞાનીવાત ક્યહીં, ક્યહીં કલહ છે મસ્તીથકી મદ્યની;
સ્ત્રી છે ચારુ ક્યહીં, ક્યહીં ઘડપણે છે જીર્ણ એવી વળી,
છે સંસાર ભરેલ અમૃતથકી કે જાણું ના ઝેરથી:

૭

આકાશચંદરવાતળે હાથનું ઉશીકું કરી સુખે,
પૃથ્વીપલંગપરે સુતા મુનિબાદશાહસમા અમે;
દીવો અમારો ચંદ્ર ને, અનુકૂલ સ્વર આ પવન તે,
વૈરાગ્ય ને ઉપરતિ અમારી પ્રિયતમા બે બાજુએ.

૮

શય્યા અમારી રમ્ય પૃથ્વી, ભુજલતા સ્નિગ્ધ ઉશીકું ને,
આકાશ ચંદરવો, વ્યજન આ વાયુ અનુકૂળ વાય તે;
દીવો અમારો ચંદ્ર ઉપરતિસ્ત્રી તણો છે સંગ ને,
આ શાંત સ્થિરચિત્તે સુતા, મુનિબાદશાહ સમા અમે.

૯

ધન્ય જે ગિરિકુહરમાં રહી ધ્યાન કર્યા કરે,
અંકે સૂઇ પીતાં નયનજલ જેમનાં પંખી સુખે;
મનોરથના મહલમાં ક્રીડા કરી નિશદિન ભવે,
અમે તો આયુષ્ય કરતા ક્ષીણ ભોગ કરી ખરે!

(ક્રમશઃ)

તમને હું ભૂલી ન જાઉં. હું રૂપો અને રંગોના આકર્ષણોમાં પડીને કમળની પેઠે તટસ્થ રીતે, નિર્લેપ રીતે, અનાસક્ત રીતે સંસારની અંદર શ્વાસ લઉં. આ બધું તમે કરી શકો એમ છો. મારા જીવનના લક્ષનું વિસ્મરણ કદી ન કરું. આટલો આશિર્વાદ મને આપી દેજો, પ્રભુ. યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

પ્રેમ અને કૃપાની શરત

યોગેશ્વરજી

પ્રેમ

પ્રેમ પ્રાર્થનાનું એક અન્ય અગત્યનું અંગ કહેવાય છે. પ્રેમ પ્રાર્થનાનો પ્રાણ છે. પ્રેમપૂર્વક કરાતી પ્રાર્થના જલદી ફળે છે, આનંદ આપે છે, શાંતિ બક્ષે છે. પ્રેમપૂર્વક કરવામાં આવતી પ્રાર્થનામાં એક પ્રકારની અવનવી અમોઘ શક્તિ પેદા થાય છે. એટલે પ્રાર્થનાને બને તેટલા પ્રેમપૂર્વક કરવાનો આગ્રહ રાખવો જોઇએ. એની પાછળ ઊંડો ઉમળકો હોવો જોઇએ.

એવો ઉમળકો કે પ્રેમ વાતવાતમાં, ઘડીના છઠ્ઠા ભાગમાં, નહિ જાગે. એને માટે અનેક પ્રકારના અનુભવોમાંથી પસાર થવું પડશે. થોડીક સાધના, આરાધના કે તપશ્ચર્યાની આવશ્યકતા રહેશે.

પ્રેમનો પ્રાદુર્ભાવ સાધકને માટે અમોઘ આશીર્વાદરૂપ સાબિત થશે ને જીવનનું કલ્યાણ કરશે. એનાથી પ્રેરાઇને થનારી પ્રાર્થનાથી પરમાત્મા સાથેનું અંતરંગ અનુસંધાન સધાશે, એવા અનુસંધાનને માટેની ચોક્કસ ભૂમિકા તૈયાર થશે. ('પ્રાર્થના સાધના છે'માંથી)

કૃપાની શરત

કામનાને દૂર કરી એક તેની જ કામના કર, તેની જ સાથે સંબંધ કર, ને તેને જ તારું હૈયું ધર.

સંસારના મંદિરમાં તેનો પ્યારો પૂજારી બનીને શ્વાસ લે, ને તારું સર્વ કાંઇ તેને અર્પણ કર. નિર્મળતાના નીરથી તારા તનને, મનને નવીન કર.

ટૂંકમાં કહું તો તું તેની જ ચિંતા કર, ને તેનો જ પ્યારો બન. તેની કૃપા તારા પર જરૂર થશે. આવરણને દૂર કરીને તે તને આવી મળશે, ને એકતાનો આનંદ આપી જીવનને કૃતાર્થ કરશે.

('વિરહની વેદના'માંથી)

* પૂરી કરી એ જીંદગી *

મા, તમે છો સ્વસ્થ, ને આનંદમાં; શું ખબર?
યાદ કરતાં, કે ભૂલ્યાં, આ બાળને–શું ખબર?

મૌનમાં મ્હોરી રહ્યાં છો, સાંભળ્યું એવું કંઇ,
પીડા ચરણની કેટલી એમાં છૂપી, એ શું ખબર?

દુર્બળ તમારા દેહમાં ભુવનો સમાયાં–એ કબૂલ;
નિર્જળાની કેટલી રાતો વીતી–એ શું ખબર?

યાદ આવી આપની, ને આંખમાં અશ્રુ વસ્યાં,
એ ભીંજવે તારું હૃદય, કે સ્પર્શતા ના–શું ખબર?

દિન વીતે, રાત અને એમ વીતે માસ પણ;
એક પળ વીતે વિરહની, કેમ એની છે ખબર?

મુશ્કેલ જીવનની પળોમાં આપજો થોડી સબર,
શોધવા તારા અલૌકિક પ્રેમની પળ બે અમર.

બાળક છીએ તારાં, રહીએ, રાખજો એની ખબર,
એક ક્ષણ જીવાય ના રહી આપનાથી બે–ખબર.

શ્વાસના આલિંગને સત્કારતાં સ્મરણો મહીં,
પૂરી કરીએ જીંદગી, નાની ભલે–તુજથી સભર.

— ચાતક (દક્ષેશ કોન્ટ્રેક્ટર)

SURRENDER

Adarsh Gopal

Learn to Surrender my heart !
Learn to Surrender !
The trees stand tall
And surrender to the Sky.
The clouds hand loose
And surrender to the Earth.
The river runs down
And surrenders to the Ocean,
The breeze flows around
And surrenders to the Universe
Not only do they Surrender !
They Surrender with LOVE.
They GIVE
They Give without Expectation.
They Give to sustain.
Sustain Life on this Planet.
The trees give shade
to the weary,
And fruit to the hungry
The rivers give water
to the thirsty.
And cleanliness to the divinity.

The breeze gives coolness and
sustainance to all Life.
Mother Earth carries the weight
of all creation,
Mountains, Valleys, rivers,
oceans,
ALL LIFE
Does it any with agony?
No!
It carries it with Love!
AND Blooms.
So my dear heart,
Learn to Surrender
With Love.
To the agonies of body.
To the depressions of the heart.
To the poignancy of the Soul.
To the joys of Living.
Surrender and Accept
With LOVE and Grace
What God has given and Bloom.

સમર્પણ

અનુવાદ : તંત્રી

હે મારા હૃદય તું સમર્પિત થતાં શીખ. જોને, આ ઊંચા ઊભેલાં વૃક્ષો, આભપ્રતિ ઝૂંકી રહ્યાં છે. અને આ વાદળો જાણે હાથ ઢીલા કરીને ધરતીને નમી રહ્યાં છે. આ નદી, સાગરને મળવા વહી રહી છે તો આ વાયુની મંદ લહર, સારા સર્જનને વીંટળાઈ વળી છે. તેઓ માત્ર નમી કે ઝૂંકી નથી રહ્યાં, પણ પ્રેમપૂર્વક વંદન કરી રહ્યાં છે. તેઓનું આ પ્રદાન કશીય અપેક્ષા વિનાનું છે—આ પૃથ્વીના ગ્રહ ઉપર જીવન સદાય ધબકતું રહે, તે માટેનું છે. વૃક્ષોની આ છાયા, થાકેલાઓને વિશ્રામ આપે છે અને ભૂખ્યાઓને ફળ ધરે છે. આ નદી, તૃષાર્તોની તૃષા છીપવવા અને પ્રભુની દિવ્યતાને મળરહિત કરવા વહે છે. પવનની આ મંદ લહરીઓ, સૃષ્ટિપરના સારાય જીવનને શીતળતા ધરે છે, અરે, આ ધરતી માતા, પર્વતો, ખીણો, નદીઓ અને સાગરોનો પ્રભુના સારાય સર્જનનો બોજ જરાય કષ્ટ અનુભવ્યાવિના હસતાં હસતાં ઊઠાવે છે. એટલું જ નહિ, પણ સદાય પ્રસન્ન રહે છે. તો મારા આ હૃદય, તું પણ પ્રેમપૂર્વક સમર્પિત થતાં શીખ. શરીરની પીડાઓ હૃદયની વ્યથાઓ કે આત્માની પીડાઓ બધું જ જીવનના આનંદ-ને સમર્પિત કરતાં શીખ. પ્રભુએ તને જે આપ્યું છે તેનો આભાર અને પ્રેમથી સ્વીકાર કરીને, તું આનંદથી ખીલી ઊઠ, ખીલી ઊઠ.

વિશ્વ ભૈષજ–મહાઔષધિ સૂંઠ

ડો. ઉમાકાંત જોશી, આયુર્વેદ વાચસ્પતિ

(DRY–GINGER)

વિશ્વમાં અનેક ઔષધિઓ છે પરંતુ આયુર્વેદ સંહિતાઓમાં જેને દુનિયાની દવા એવી મહાઔષધિ કહે છે તે છે **વિશ્વભેષજ** 'સૂંઠ'. તેના અદ્‌ભુત ગુણો–અને આરોગ્યમય અસરોને કારણે આ નામ તેને આપેલું છે. દરેક ચિકિત્સા પદ્ધતિએ આને ઔષધિ તરીકે પણ સ્વીકારેલું છે. અનેક રોગોને નાથવાની તેની દિવ્ય-શક્તિને કારણે તેનું નામ વિશ્વરૂપા તરીકે પ્રસિદ્ધ થયું છે.

સૂંઠ અગ્નિપ્રધાન ગુણવાળી છે. તેમાં પ્રોટિન ૧૫.૪ ટકા, સ્ટાર્ચ ૫.૩ ટકા અને ઓઇલ ઓફ જિંજર ૧ થી ૨.૭ ટકા હોય છે. અગ્નિગુણના કારણે ભૂખ લગાડે છે. કાચો આમ પચાવે છે. આમાજીર્ણ (Mucus Colitis) દૂર કરે છે. પાંડુ (એનીમિયા) સંગ્રહણી, જૂના ઝાડા–મરડો, કફના જૂના રોગોનો નાશ કરે છે. સૂંઠ ગરમ હોવાથી પિત્ત પ્રકૃતિવાળાને માટે હિતકર નથી.

સૂંઠ જીવનીય શક્તિ (Resistance Power) વધારે છે. જે વારંવાર આવતી બિમારીનો પ્રતિકાર કરવાની શક્તિ વધારે છે. આથી સુવાવડ વગેરેમાં સૂંઠનો પાક કરીને પણ અપાય છે. અને બળ માટે કહેવાય છે કે 'કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે. આવી જાય મેદાનમાં' આવું બીજી ઔષધિ માટે બોલાતું નથી. સૂંઠ એ આદુનું શુષ્ક સ્વરૂપ છે. જુદી–જુદી વ્યાધિમાં નીચે પ્રમાણે સૂંઠનો ઉપયોગ થાય છે.

(૧) જીર્ણ તાવમાં, સંધીવાના રોગમાં, સૂંઠને પાણીમાં ઉકાળી, ત્રણ ભાગનું પાણી બાળીને તે પાણી પીવાથી કાચો આમ, આમ-વાત (રુમેટિઝમ), જીર્ણ તાવ, પેટનો અપચો વગેરે દૂર થાય છે. આને આયુર્વેદમાં 'આયુર્વેદ સૂંઠી સિદ્ધ જલ' કહેવામાં આવે છે. જેને પાણી ભારે લાગતું હોય, કોઇ ગામ કે પ્રદેશનું પાણી માફક ન આવતું હોય તેણે સૂંઠ નાંખી ઉકાળેલું પાણી પીવું. તેથી તે પાણી ભારે પડતું હોય તો ભારેપણાના દોષો દૂર થાય છે.

(૨) શરદી, ઉધરસ, હૃદયરોગમાં તુલસીના રસ સાથે સૂંઠનો પાઉડર (ચૂર્ણ) નાંખી લેવાથી હૃદયની નળીઓ ઢીલી થાય છે. લોહી પાતળું રહે છે. હૃદયને બળ મળે છે. લોહીનું પરિભ્રમણ વધે છે. ફેફસામાં કફ ભરાઇ રહેતો હોય વગેરેમાં ખૂબ જ રાહત થાય છે.

(૩) જૂના સૂકા હરસમાં સૂંઠનું ચૂર્ણ ૧/૪ ચમચી તથા ઈન્દ્ર-જવનું ચૂર્ણ ૧/૪ ચમચી ભેળવીને દિવસમાં બે વખત લેવાથી લાભ થાય છે.

(૪) કિડનીના રોગો, સોજા ચડી જવા, પગે સોજા ચડવા, સાંધામાં પાણી ભરાવું વેગેરેમાં સૂંઠનાં ગંઠોડા પાણીમાં ઉકાળી, સાટોડીનું ચૂર્ણ ભેળવી લેવાથી ફાયદો થાય છે.

(૫) કપાળે સૂંઠનો લેપ લગાડવાથી જૂની શરદી, સાઇનસ કે માથાનો દુઃખાવો મટે છે. સાંધા ઉપર સૂંઠને ગરમ પાણી સાથે ભેળવી લગાડવી જેથી સાંધાનો દુઃખાવો મટે છે.

(૬) જૂનો મરડો, વારંવાર થતા ઝાડામાં સૂંઠ–ઈંદ્રજવ તથા કડાછાલનાં ચૂર્ણને ભેગા કરી જમીને ૧/૪ ચમચી લેવાથી પાચન સુધરે છે. ખોરાક પચે છે, ઝાડો બંધાય છે. આફરો મટે છે.

(૭) હૃદયાવસાદ (કોલેપ્સ), થવું. બીપી ઘટવું, શરીર ઠંડુ પડી જવું, શોક લાગવો વગેરેમાં સૂંઠને ગરમ પાણી સાથે કે સૂંઠનાં ચૂર્ણને પગનાં તળીયે ઘસવાથી ગરમાવો આવે છે. શરીરની ઉષ્મા વધે છે. ચેતનત્વ આવે છે. (સ્ટીમ્યુલેશન થાય છે).

(૮) સૂંઠ, મરી ને પિપર સરખા ભાગે ભેગાં કરી ચૂર્ણ કરી રાખવાથી ત્રિકટુ ચૂર્ણ તૈયાર થાય છે. જે શરદી, શ્વાસ, હેડકી, ગેસ, અજીર્ણ, જૂનાં કફ વગેરેમાં ૧/૪ ચમચી (નાની ચમચી) મધ સાથે દિવસમાં ૨ થી ૩ વાર લાંબો સમય લેવાથી મૂળમાંથી તે વિકારો નાશ થાય છે.

(૯) પીંડીઓનું કળતર, પગ કળવા. (Cramp)માં તથા શરીર જકડાઇ ગયું હોય (Stiffness) વગેરેમાં સૂંઠનાં ચૂર્ણને પીંડીઓમાં તથા શરીરમાં ચોળવામાં આવે છે. (ઉદ્વર્તન) જેનાથી નાડીઓમાં થતું કળતર, ત્રોડ, દુઃખાવો વગેરે દૂર થાય છે.

(૧૦) શરીરની દુર્બળતા, ખાસ કરીને સુવાવડના સમયમાં સૂંઠ, પિપરીમૂળ, બલા, વગેરે નાંખીને ઘી સાથે પાક બનાવી લેવાથી ઘી પચાવી, શરીરમાં શક્તિ ને બળ વધારે છે. જે બહુ પ્રચલિત છે.

સૂંઠ બધા નગરોમાં મળતી હોવાથી **નાગર** પણ કહે છે. આમ સૂંઠના વિવિધ પ્રયોગો થાય છે. વ્યવહારમાં કેરીના રસમાં, છાશ-માં સૂંઠને પાચક તરીકે ભેળવીને લેવાય છે. ગરમ હોવાથી ગ્રીષ્મ-ઋતુમાં, ખૂબ તાપના દિવસોમાં, પિત્તપ્રકૃતિમાં, લોહી નીકળતું હોય તેવા પ્રસંગોમાં આનો પ્રયોગ કરાતો નથી.

પ્રભુ, વંદન કરું છું. પ્રભુ, મારા મનને તમારામાં રાખો. તમારો પ્રેમ આપો. તમારી કૃપાનો વરસાદ મારા ઉપર તમે કાયમને માટે વરસાવો. તમે મારામાં ભક્તિભાવ પેદા કરો. અને સંસારના જે જુદી જુદી જાતના રૂપો ને રંગો છે એમાં મારે રહેવાનું તો પડવાનું જ છે. કર્મ સંસ્કારો પ્રમાણે કાંઇ મારા હાથમાં નથી તે વાત. છતાં પણ તમે એવી કૃપા કરો કે સંસારના રૂપો અને રંગો મને સંમોહિત ના કરે, આકર્ષીત ન કરે. યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઇલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E – mail :
hpathakji@yahoo.Com

સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ

યોગેશ્વરજી

(પૂ. યોગેશ્વરજીએ ભારતીય દર્શનશાસ્ત્રના ૧૦૦ જેટલા પુસ્તકો લખ્યાં. પ્રત્યેક પુસ્તકમાં સાધકરૂપી જીવની મથામણોનો જવાબ શિવ એટલે કે પ્રભુ યોગેશ્વરજીએ આપેલ છે. કેટલાક પુસ્તકો તો પ્રશ્નોત્તરીરૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકોમાંથી સંકલન કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપનારા માટે પ્રશ્નોત્તરીરૂપે 'સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ'ની લેખમાળામાં કંઇક ને કંઇક અમૃત પીરસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

—ડૉ. બી. જે. જાગાણી)

પ્રશ્ન : તમને એમ નથી લાગતું કે ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે બે વિરોધાભાસી વાતો કહી છે. એક ઠેકાણે તો તે કહે છે કે મમતા, અહંતા, રાગદ્વેષ અથવા તો આસક્તિનો ત્યાગ કરીને કર્મો કરવામાં કલ્યાણ રહેલું છે, અને બીજે ઠેકાણે, ગીતાની સમાપ્તિ થવાની હોય છે. ત્યારે અઢારમા અધ્યાયમાં, એનાથી ઉલટી જ વાતનો ઉપદેશ આપે છે કે બધા કર્મોનો ત્યાગ કરીને મારું જ શરણ લઇ લે. એ બંને વાતોનો મેળ નથી બેસતો, એવું તમને નથી લાગતું? ગીતામાં વિરોધાભાસી ઉપદેશ ઘણા છે. પરંતુ આ તો મેં તમને એક દૃષ્ટાંત આપ્યું. આ શંકા મને કેટલાય વખતથી સતાવી રહી છે. તો તેનું સમાધાન કરશો એવી આશા રાખું છું.

ઉત્તર : તમારી શંકા સાવ નિરાધાર નથી જ. તેને હું સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. બીજા કોઇને પણ આવી શંકા

થતી હશે. છતાં પણ જો શાંતિથી વિચાર કરો તો તમારી શંકા સહેલાઇથી દૂર થઇ શકે તેમ છે, તમે કહો છો કે માનો છો તે પ્રમાણે, ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે બે પરસ્પર વિરોધી વાતો નથી કહી. ઉપર ઉપરથી જોનારને તે વાતો જરૂર વિરોધી જેવી લાગે. પરંતુ ઊંડાણમાં પ્રવેશ કરીને સમજવાથી તે બંને વાતો યોગ્ય તથા પૂરક જેવી જણાશે અને એમના સંબંધી કોઇ શંકાનું સ્થાન નહીં રહે.

પ્રશ્ન : તો તે કેવી રીતે?

ઉત્તર : જુઓ, હું સમજાવું. ગીતામાં મમતા, અહંતા, રાગદ્વેષ અથવા તો આસક્તિનો ત્યાગ કરીને કર્મો કરવાનું કહ્યું છે એ સાચું છે. જો કે એ ઉપદેશ અર્જુનને નિમિત્ત બનાવીને કે લક્ષ્ય કરીને આપવામાં આવ્યો છે, છતાં પણ કેવળ અર્જુનના પૂરતો જ મર્યાદિત નથી. મનુષ્ય સમાજના બધા જ સભ્યોને એ એકસરખો લાગુ પડે છે. એ ઉપદેશમાં કર્મ કરવાની શંકા વિષે કહેવામાં આવ્યું છે, અથવા તો એ કળાનું રહસ્યોદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. એ રહસ્ય પ્રમાણે જો ચાલવામાં આવે તો, સંસારમાં રહીને પોતાના ફાળે આવેલું કર્મ કરતાં કરતાં શાંતિ મેળવી શકાય, ને જીવનનું શ્રેય સાધી શકાય, અથવા તો જીવનનું સાર્થક્ય કરી શકાય, એવો ગીતાનો સંદેશ છે.

પ્રશ્ન : એ સંદેશ તો મારા સમજવામાં આવે છે, અને એની સાથે હું સહમત પણ થાઉં છું, પરંતુ મુખ્ય સમસ્યા તો બીજી જ છે. ભગવાન શ્રીકૃષ્ણ એટલો જ ઉપદેશ આપીને બેસી રહ્યા હોત તો સારું હતું. તેમાં કશી જ હરકત નહોતી. પરંતુ તેઓ તો વધુમાં સર્વ કાંઇનો ત્યાગ કરીને પોતાનું જ શરણ લેવાનું કહે છે, તો પછી સંસારનાં કર્મો કેવી રીતે કરી શકાશે?

ઉત્તર : સંસારનાં કર્મો તો કરવાનાં જ છે. તે કરવાની ના નથી. જો ભગવાન શ્રીકૃષ્ણ કર્મના વિરોધી હોત, તો અર્જુનને યુદ્ધકર્મ કરવાની દીક્ષા ન આપત. અર્જુન તો પોતાનું કર્મ કે પોતાની ફરજનો ત્યાગ કરી બેઠો હતો. છતાં શ્રીકૃષ્ણે તેને કર્મમાં પ્રેર્યો. એ શું બતાવે છે? એ જ કે તે કર્મના અનુષ્ઠાનમાં માનતા હતા. તે કર્મના ત્યાગનો ઉપદેશ આપે જ કેવી રીતે? એવો આદેશ એ નથી આપતા. એઓ તો કહે છે કે સર્વ પ્રકારના મનના ગુણ-ધર્મ જેવા સંકલ્પ–વિકલ્પ તથા સર્વપ્રકારની ચિંતાનો ત્યાગ કરીને, તું મારામાં વિશ્વાસ રાખ, અને સાચા દિલથી મારું શરણ લઇ લે, તો હું તારી પડખે રહીશ, તને બધી રીતે મદદરૂપ થઇશ, તથા તારી રક્ષા કરીને તારું પરિત્રાણ કરીશ. એટલે માણસે મનથી પરમાત્માનું શરણ લેવાનું છે, ને પરમાત્માને પોતાના જીવનના સર્વ સત્તાધીશ કે સૂત્રધાર બનાવી, એના હાથમાં હથિયારરૂપ થઇને કર્મ કરવાનું છે. એટલે એ શબ્દોમાં કર્મ કરવાની એક બીજી વધારાની કળા વિષે કહેવામાં આવ્યું છે. આવી રીતે સમજો તો ભગવાન શ્રીકૃષ્ણના કે ગીતાના શબ્દોમાં વિરોધાભાસ નહીં લાગે. એ સંબંધી શંકા પણ નહીં જાગે. પરંતુ એમણે આપેલા બંને આદેશો એકમેકના પૂરક છે એની ખાતરી થશે.

પ્રશ્ન : ગુરુકૃપા શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય? શું ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુમય બની જઇને ગુરુની ખૂબ ખૂબ સેવા કરવી જોઇએ એ શું સાચું છે?

ઉત્તર : ગુરુકૃપા ખરેખર શું છે, એ તો જે એનો અનુભવ કરે તેને જ ખબર પડી શકે. છતાં પણ, કહેવાને ખાતર એટલું જરૂર કહી શકાય કે ગુરુકૃપાથી આત્મોન્નતિના માર્ગમાં મદદ

મળે છે, અને ઈશ્વરના સાક્ષાત્કારનો મનોરથ સહેલો બને છે. દુર્ગુણોની નિવૃત્તિ કરીને સદ્‌ગુણોની પ્રાપ્તિમાં તથા દુષ્કર્મોના અંત આણીને સત્કર્મોના અનુષ્ઠાનમાં તે મદદરૂપ થાય છે. જીવનને નિર્મળ, ઉદાત્ત તથા ઈશ્વરમય બનાવવામાં તેથી મદદ મળે છે. એક રીતે કહીએ તો ગુરુકૃપા એ ઈશ્વરની અસીમ કૃપાને માટેનું પ્રમાણપત્ર કે પ્રવેશદ્વાર છે. એ થતાં ઈશ્વરકૃપા દૂર નથી રહેતી. ગુરુના રૂપમાં આવીને સૌથી પહેલાં ઈશ્વર જ પોતાની કૃપા વરસાવે છે. ગુરુની કૃપાદ્વારા જે ધન, વૈભવ, પદ, પ્રતિષ્ઠા ને સાંસારિક સુખોપભોગની ઈચ્છા રાખે છે. તે ભારે ભૂલ કરે છે. ગુરુની કૃપાના સાચા રહસ્યને તે નથી સમજતા. ગુરુની કૃપા કેવલ સાંસારિક સુખસમૃદ્ધિને માટે નથી વટાવવાની, પરંતુ તેનો લાભ લઈને ઈશ્વરના સાક્ષાત્કારના મહત્ત્વના ધ્યેય તરફ આગળ વધવાનું છે, એ નથી ભૂલવાનું.

તમારા બીજા પેટા પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુની મન મૂકીને સેવા કરવી જોઇએ. એ તો સાચું જ છે, પરંતુ એની સાથે સાથે ખાસ ધ્યાન ગુરુના ઉપદેશ કે સંદેશ પ્રમાણે ચાલવા પર આપવું જોઇએ. ગુરુ જે કહે તે શ્રદ્ધા તથા પ્રમાણિકતા સાથે ઉત્સાહ અને ખંતપૂર્વક કરવું અથવા તો એમણે નિર્દેશેલા આત્મકલ્યાણના માર્ગ પર આગળ વધવું અત્યંત આવશ્યક છે. આ વસ્તુ ખાસ નોંધવા જેવી છે. કેમ કે ગુરુની સેવા કરવામાં આવે પરંતુ એમના સદુપદેશનું અનુષ્ઠાન કરવામાં ના આવે તો કોઇ વિશેષ હેતુ નથી સરતો. ગુરુએ બતાવેલા માર્ગ પ્રમાણે ચાલવામાં આવે, અને ગુરુની શ્રદ્ધાપૂર્વક સેવા કરવામાં આવે, તો તેથી પ્રસન્ન થઇને ગુરુ કેટલીક વાર અનુગ્રહ કરે છે, ને અધ્યાત્મ મંદિરનાં ગુપ્ત દ્વાર ઉઘાડી આપે છે.

એક અનોખું અભિવાદન–અરંગેત્રલ

મીનળ એસ. મેરાઈ

પૂ. માનાં ૧૮૦૦ નિર્જળા વ્રત પૂરા થયાની વધામણીમાં સાંજે અને સૌ છોકરીઓએ ભેગા મળી પૂ. મા સમક્ષ નાનો સરખો નૃત્યનો કાર્યક્રમ રજૂ કર્યો. જેમાં ભારતનાં વિવિધ પ્રાંતનાં લોકો આ દિવ્ય અવસરે પૂ. માનું અભિવાદન કરવા આવે છે. જેમાં સૌ પ્રથમ મા ભારતી સ્વયં પૂ. માને વધાવે છે. ત્યારબાદ બંગાળની પ્રજા, પછી મેઘાલેન્ડની પ્રજા, કાશ્મીરી લોકો, રાજસ્થાની લોકો, મરાઠી લોકો, દક્ષિણભારતનાં લોકો તેમ જ ગુજરાતનાં લોકો–આમ સૌ એક પછી એક પૂ. માને આ મહાન પર્વે અભિનંદન આપવા આવે છે. જેમાં દક્ષિણ ભારતનાં તામિલનાડુ પ્રદેશનાં પ્રતિનિધિ તરીકે પૂ. માનું અભિવાદન કરવાની તક મને મળી. હું મિનલ એસ. મેરાઈ ભરતનાટ્યમ વિષયમાં વિશારદ તથા M.P. A. (Master of Performing Arts) વડોદરા.

પ્રાચીન સમયમાં દક્ષિણ ભારતનાં મંદિરોમાં દેવદાસી પ્રથા પ્રચલિત હતી. દેવદાસી એટલે 'દેવોની દાસી.' તેમનું મુખ્ય કાર્ય હતું મંદિરોમાં ભગવાનની મૂર્તિ સમક્ષ સવાર–સાંજ આરતી સમયે નૃત્ય કરવું તથા અન્ય બધી જ સેવાઓ ભગવાનને પૂરી પાડવી, તેમને પ્રસન્ન રાખવા. વંશપરંપરાગત રીતે બાળપણમાં જ દેવદાસી કન્યાને મંદિરમાં અર્પણ કરી દેવામાં આવતી. અને તેનાં ભગવાન સાથે લગ્ન કરાવવામાં આવતાં. પછી તેને સાત વર્ષ સુધી નૃત્ય વિષયની તાલીમ આપવામાં આવતી અને સાથે સંસ્કૃત,

તમિલ તથા તેલુગુ ભાષાનાં ધાર્મિક ગ્રંથોનું પણ શિક્ષણ અપાતું. સાત વર્ષ પછી એટલે કે તાલીમ પૂરી થયા પછી ગર્જે પૂજાના પ્રસંગે તેના પગમાં સૌ પ્રથમવાર ઘૂંઘરું બાંધવામાં આવતા અને મંદિરમાં ભગવાનની મૂર્તિ સમક્ષ તેમ જ સર્વ બ્રાહ્મણો, રાજા અને પ્રજાની ઉપસ્થિતિમાં સૌ પ્રથમ વાર તેનાં નૃત્યનો પ્રયોગ રજૂ કરવાનો રહેતો. જેને અરંગેત્રલ કહેતાં કે જેનો અર્થ 'પ્રથમ રંગમંચ આરોહણ' એવો થાય છે. સાત વર્ષની તાલીમ હેઠળ શીખેલું બધું જ તેને આ સમયે પ્રસ્તુત કરવાનું રહેતું.

આજે તો આ પ્રથા અસ્તિત્વમાં નથી. મંદિરની જગ્યાએ ઓડીયેરીયમના સ્ટેજ પર દેવની મૂર્તિની સ્થાપના કરી અરંગેત્રલ થાય છે. મેં પણ નૃત્યના અનેક કાર્યક્રમો કર્યા છે. પણ અરંગેત્રલ હજી સુધી નથી યોજાયું. મનમાં ઘણા વખતથી ઈચ્છા હતી વળી મૂંઝવણ હતી કે પૂ. મા તો કદાચ જ ઓડીયેરીયમમાં હાજરી આપી શકે. તો પૂ. માએ આજે એ અનેરી તક મને આપી. આપણે માટે તો મા–પ્રભુનું સ્થાન એટલે જ મંદિર અંબાજીનો એ નવો બંધાયેલો 'યોગ શૈવલ્યમ્' હોલ અને ભગવાનની મૂર્તિ નહી પણ પૂ. મા પ્રત્યક્ષ સ્વરૂપે બિરાજમાન હતાં. અને મને ભરતનાટ્યમની સૌથી અઘરી અને લાંબી ગણાતી કૃતિ 'વર્ણમ્' પૂ. મા સમક્ષ રજૂ કરવાની તક મળી કે જે રાગ શંકરાતીર્ણમ્ તથા તાલ આદિતાલમાં હતી. લગભગ ૩૦ મિનિટની કૃતિ, જેનો ભાવાર્થ આ મુજબ હતો.

વર્ણમતી નાયિકા તેના નાયક અથવા સ્વામી કે જેઓ પોતે બૃહદીશ્વર શિવ છે તેમને વિનવે છે કે તમે મારા મનની વાત સાંભળો. શું નહિ સાંભળો? નિશ્ચિતરૂપે જન્મોજન્મથી મારા હૃદયમાં તમારા માટે પ્રેમ છે. તમે ખૂબ જ સુંદર છો, તેજસ્વી

છો, મહાન છો, તંજાપુરી નગરીનાં રાજા છો, નંદી પર સવાર છો, મસ્તક પર ગંગા ધારણ કરેલ છો, ગળામાં સર્પ અને મસ્તકે ચંદ્ર ધારણ કરેલ છો. પણ તમે મારા સ્વામી છો. આકાશ પૃથ્વી જેટલો અચળ અને નિયમિત તમારા માટેનો પ્રેમ મારા હૃદયમાં છે.

તમે મારી સાથે ભેદભાવભર્યું વર્તન ન કરશો, મારા પર ગુસ્સો ન કરશો. તમે ધરાનાં અધિપતિ છો, બધા કવિઓ તમારી પ્રસંશા કરે છે. તમે સૌનાં દુઃખ હરો છો તો હવે આવીને મને ઉગારી લો. હું વ્યાકુળ છું. આ સમયે તમે ક્યાં છો? આ ભક્તની વિનંતી સાંભળો મને તમારી પાસે લઇ લો.

બીજી સોનેરી તક મને પૂ. માનાં જન્મદિને મળી. ૧૩–૧૧–૯૯ મેં 'કીર્તનમ્' નામની કૃતિ રજૂ કરી કે જેમાં ભક્ત કહે છે, "ચિદમ્બરમ્ શિવનું ધ્યાન ધરવાથી જન્મમરણના બધા ભય દૂર થાય છે. મોહમાયામાં અટવાઇને મેં ક્યારેય તારું ધ્યાન ન ધર્યું. બ્રહ્મા–વિષ્ણુ, તેમ જ પતંજલિ વગેરે મુનિઓ જેનું ધ્યાન ધરે છે. તેવા આનંદ તાંડવ કરનાર શિવનાં આજે દર્શન પામી હું કૃતાર્થ થઇ ગયો, ધન્ય થઇ ગયો."

તો શિવસ્વરૂપા પૂ. શ્રી માની સમક્ષ આ ભાવો પ્રસ્તુત કરવાનો અમૂલ્ય લાહવો મને મળ્યો. અને પૂ. માએ એ ભાવોનો સ્વીકાર કર્યો. પૂ. મા ખૂબ જ કૃપાળુ છે. તેમનાં દરેક બાળકની બધી જ ઇચ્છા પૂરી કરે છે અને સતત સાચું માર્ગદર્શન તથા પ્રોત્સાહન પૂરું પાડે છે. પૂ. માએ મને '૯૨ માં આશીર્વાદ આપ્યા હતા કે સર્વ સ્થળે, સર્વ પ્રકારે કળાનો ઉપયોગ પ્રભુને માટે જ કરવો તો તે નૃત્યકળા પૂજા બની જાય. તો આ અવસર પણ પૂ. માની કૃપાની જ મને મળ્યો.

ગુજરાતના આજના આવતીકાલના જ્યેષ્ઠ નાગરિકોને–
એક અમેરિકાનિવાસી પ્રબુધ ગુજરાતીનું નજરાણું

ઘડપણ બિહામણું કે સોહામણું?

ડૉ. વિક્રમ પટેલ

બયાઝિદ નામે એક સૂફી ફકીર થઇ ગયો. એણે પોતાના જીવનનો સાર મૃત્યુ આવી પહોંચ્યું તે પહેલાંની ક્ષણોમાં આપેલો :

હું જ્યારે જુવાન હતો ત્યારે ક્રાંતિકારી વિચારો ધરાવતો હતો. મારી પ્રાર્થના હતી : હે પ્રભુ ! મને આ દુનિયાને બદલી નાંખવાની શક્તિ આપજે. જ્યારે હું આધેડ વયનો થયો ત્યારે સમજાયું કે મારી અડધી જીંદગી પૂરી થઇ તોય હું એક જણને પણ બદલી ન શક્યો. મેં મારી પ્રાર્થના બદલી નાંખી અને કહ્યું : હે પ્રભુ! હું મારા પરિચયમાં આવેલા સ્વજનો અને મિત્રોને બદલી શકું એટલી કૃપા કરજે. હવે હું ઘરડો થયો છું અને મારી પાસે ઝાઝા દિવસો રહ્યા નથી. હવે મારી પ્રાર્થના છે કે : હે પ્રભુ! મારી જાતને બદલી શકું, એટલી કૃપા કરજે. જો મેં શરૂઆતથી જ આવી પ્રાર્થના કરી હોત તો મારી જીંદગી એળે ન ગઇ હોત.

ઘડપણ આવે તે પહેલાં અને પછી જો બયાઝિદની આ વાત સમજાઇ જાય તો બિહામણું જણાતું ઘડપણ કદાચ સોહામણું બની જાય. માણસને સતત જાતજાતના ભય સતાવતા રહે છે. બધા પ્રકારના ભયનો રાજા, એટલે મૃત્યુનો ભય. મૃત્યુ નિશ્ચિત છે તેથી માણસ પાસે એને સ્વીકારી લેવા સિવાય બીજો કોઇ માર્ગ નથી. માણસને ઘરડા થવાનો ભય થથરાવે છે કારણ કે ઘડપણ

ક્યારેક અત્યંત બેડોળ, બિહામણું અને મજબૂરીથી ભરેલું હોઇ શકે. કોઇ ભૂતપૂર્વ વડોપ્રધાન ઢળતી ઉંમરે પથારીમાં ઝાડા-પેશાબ કરતો રહે છે. બધો વટ ખરી પડે છે, બધો અહંકાર ધૂળ ચાટતો થઇ જાય છે. મહા મહેનતે એક ગળફો બહાર આવે ત્યારે રાહત થાય છે. ખાંસી ઉપડે ત્યારે આખો ખાટલો હાલી ઊઠે છે. ક્યારેક સંતાનો અપમાનિત કરે છે. જૂની જાહોજહાલીનું બાષ્પીભવન થઇ જાય છે. કહેવાતી ડિગ્નિટીના ચૂરેચૂરા થઇ જાય છે. આવું કશુંક મરતાં પહેલાં બની શકે એવો ખ્યાલ જ માણસને પજવી જાય છે. તેથી કહ્યું :

ઘડપણ કોણે મોકલ્યું?
ઉંમરા તો ડુંગરા થયા
ને પાદર થયા પરદેશ

શારીરિક મજબૂરી ભૂલી જઇએ તો થોડીક જાગૃતિ સાથે ઘડપણને સ્વસ્થતાથી શણગારી શકાય. ઘડપણ એક માનસિક અવસ્થાનું નામ છે. સમાજમાં ઝીણી આંખે નજર ફેરવીએ તો ઠેર ઠેર સ્વસ્થ, પ્રસન્ન અને અલગારી વૃદ્ધો જોવા મળે છે. પરિવાર તેમને દાદા કરીને લાડ-પ્યાર આપે છે. મનથી સ્વસ્થ એવાં આ સ્ત્રી પુરુષો તનથી પણ સ્વસ્થ રહે એવી શક્યતા વધારે રહે છે. આવાં વૃદ્ધોની અદેખાઇ આવે. ઘડપણ સોહામણું બની રહે તે માટે શું કરવું? મને સાઠ વર્ષ પૂરાં થવા આવ્યાં છે. થોડીક વાતો જડી છે તે વહેંચવાનું મન છે. પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર થઇ શકે થોડીક ટિપ્સ કદાચ કોઇને કામ લાગી જાય.

(૧) સુખી થવાનો દૃઢ સંકલ્પ કરવા જેવો છે. એ માટે સાત્ત્વિક નફ્ફટાઇ કેળવવી રહી. અલગારી બનવા માટે થોડીક હઠીલી લાપરવાહી જરૂરી.

(૨) સૌને સ્નેહ આપવો, પરંતુ બહુ વળગણ ન રાખવું. બધું છોડીને ચાલી નીકળવાનું છે ત્યાં વળી ઝાઝી માથાકૂટ શી? જે કરવા જેવું હોય તે કરી છૂટવું, પરંતુ કશુંય ન વળે ત્યારે હરિહરિ કહીને માયાને હડસેલો મારીને ફંગોળી દેવી.

(૩) નાનડિયા માટે કે પુત્રવધૂ માટે પ્રસંગ આવ્યે થોડીક ઉદારતા સાથે ખર્ચ કરી છૂટવો. જે પૈસા ખર્ચાયા તે અંતે એમને જ મળવાના હતા. ઘણા વૃદ્ધોને પાંચ ખર્ચીને સામેની વ્યક્તિનો પ્રેમ મેળવતા નથી આવડતું. કંજૂસ ઘરડો કુટુંબમાં અકારો થઇ પડે છે. દાદા મટીને ડોસા થવાની જરૂર નથી. ક્યારેક અણગમતા ડોસાને ડોસલા બની જવું પડે છે.

(૪) રોજ થોડાક કલાક પરિવારથી દૂર ચાલ્યા જવું. ગમે તેમ કરીને એક મનગમતી મૈત્રી ખોળી લેવી. સમાજથી ડરવું નહીં : ખાટલાથી ડરવાની છૂટ છે. આરોગ્યની ખૂબ જ કાળજી લેવી. બીજું કામ પણ ક્યાં છે? નિરાંતે રોજ ફરવા જવું અને અકસ્માત ન થાય તેવા રસ્તા પર જ ચાલવું. પગ ભાંગે તે ન પાલવે.

(૫) રોજ એકવાર વિચારવું કે : દીકરો દીકરો નથી, પત્ની પત્ની નથી અને સગાં સગાં નથી. હું શિવસ્વરૂપ છું મને સમજે તે મારાં સ્વજન, બાકી બધા પરજન. હવે હું એ બધા માટે જીવતો નથી. હું કેવળ પ્રભુને જવાબદાર છું, અન્ય કોઇને નહીં.

(૬) મનગમતી પ્રવૃત્તિમાં દિલ પરોવવું. મનગમતા શોખ અંગે કોઇ સમાધાન ન કરવું. કોઇને તમારા કાજી બનવાની છૂટ નથી.

સાઠ વર્ષની ઉંમરે પ્રબળતમ આકાંક્ષા શી છે? પેટછૂટી વાત

કરું તો કહું કે મારે હવે સ્વરાજ્ય ભોગરવું છે. પત્ની અને સંતાનો મને વહાલાં છે. તેઓ સાથે મૈત્રીભાવ ખપે પણ કોઈ મારા પર માલિકી ભોગવે તે ન ચાલે. આવું કરું તેમાં કોઈની અવગણના નથી. સ્વરાજ્ય શબ્દ ઉપનિષદ તરફથી મળ્યો છે. મૃત્યુ ભલે આવે, પણ હું મસ્તીથી મરવા ઈચ્છું છું. સૂર્ય આથમી જાય, તેમ હું આથમી જવા ઇચ્છું છું. જેટલી સહજતાથી પાકેલી ખારેક ખરી પડે તેમ હું ખરી પડવા ઈચ્છું છું. મને ન સમજે તે સૌ દૂર રહે અને જે સમજે તે સૌ મારા પર વહાલ વરસાવે તેવો મને અભરખો છે. મારા ઘરનો ઝાંપો સૌ માટે ખુલ્લો છે, પરંતુ મને ખરા દિલથી ન ચાહતો હોય એવો એક પણ આદમી એ ઝાંપો ખોલીને મને મળવા આવે, તે મને ન ગમે. આવી દાદાગીરી સાથે હું પ્રભુના દરબારમાં જવા ઈચ્છું છું. કૃષ્ણ મને અતિપ્રિય છે. કદાચ હું પણ એને પ્રિય હોઉં. મારો આવો વહેમ મૃત્યુની છેલ્લી ક્ષણ સુધી જળવાઈ રહે એવી મથામણ એ જ મારી સાધના છે.

(અમેરીકાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા એન્ડ લોસ એંજલ્સ (યુ. સી. એલ. એ) ના વાઈસ ચાન્સેલર ડો. વિક્રમ પટેલ છે. ક્લિન્ટનની સરકારમાં તેમનો ઘણો આદર છે.)

○

પરબના પાણી

કલ્યાણ

પ્યાલો પહેલો

એક વખત પૂ. શ્રી સાથે ૧૯૮૧ માં પૂ. માતાજીના અસ્થિ-વિસર્જન નિમિત્તે દક્ષિણેશ્વર શ્રી રામકૃષ્ણદેવની લીલાભૂમિની યાત્રાએ જવાનો યોગ સાંપડેલો. ગંગામૈયા એ પાવનતીર્થની પાસે-થી ધીર ગંભીરપણે વહ્યાં જાય છે. પૂ. શ્રી ત્યાં સ્નાન માટે પધાર્યા. કેડ સમાણા ગંગાજળમાં ઊભા રહી તેમણે સૌ પ્રથમ ગંગાજલ મસ્તકે ધર્યું. પછી ગંગાજલનું આચમન કર્યું. મને નવાઈ લાગી કારણ કે કલકત્તા પાસેનું ગંગાજળ એટલું તો અશુદ્ધ લાગે કે આચમન તો ત્યાં રહ્યું પણ સ્નાન કરવાની પણ ઇચ્છા ન થાય. પણ પૂ. શ્રી એ તો ગંગાજળ મસ્તકે ચઢાવી, આચમન કરી પછી સ્નાન પણ કર્યું !

સ્વચ્છતાના આગ્રહી પૂ. શ્રીનો આ ગંગાજી પ્રત્યેનો આદર જોઈને મસ્તક ઝૂકી ગયું. ગંગાજી તેમના માટે સામાન્ય નદી ન હતી. આરાધ્યા દેવી હોય તેવું ભાવયુક્ત તેમનું વર્તન હતું. હિમાલયમાં વર્ષો સુધી ગંગાતટે નિવાસ કરી પોતાની અપ્રતીમ સાધનાનાં સાક્ષી રાખી, ગંગાજીને વર્ષો સુધી અંતરના અનુરાગથી અંજલિઓ અર્પી છે. હિમાલય અને કલકત્તાની ગંગાજીનું સ્વરૂપ તેમના માટે સમાન છે. ગંગામૈયા મેલાં નથી. કલકત્તાનાં ગંગા-મૈયા તો એનાં બાળકોના ગંદા પગથી ખરડાયેલું સ્વરૂપ છે. મા તો એના બાળકોના ગંદા પગથી ખરડાયેલું સ્વરૂપ છે. મા તો એના

મેલાઘેલાં બાળકોને ખોળે લીધા વિના કેમ રહી શકે? અપરાધ બાળકોનો છે, માનો નહીં. એટલે હિમાલયનાં ગંગાજીનો આદર થાય તો કલકત્તાનાં ગંગાજીનો કેમ નહીં? મા તો એક જ છે ને?

પૂ. શ્રીનો આદરભાવ માતા પ્રત્યે છે, તેમના સ્વરૂપ પ્રત્યે નહીં. પૂ. શ્રીની લોકમાતાના આ દિવ્યસ્વરૂપની વંદના કેટલી સાર્થક લાગે છે!

પૂ. શ્રીની ગંગાજીની આ ભાવવંદનાના સાક્ષી તરીકે હું અને શાંતિભાઈ ઘાટનાં પગથિયાં પર ઊભા હતા. સ્નાન કર્યા પછી પૂ. શ્રીએ અમને પૂછ્યું, "તમારે સ્નાન નથી કરવું?" અમે કહ્યું, "અમારી પાસે અત્યારે સ્નાન માટેનાં ટુવાલ અને કપડાં નથી!" પૂ. શ્રીએ તુરત જ કહ્યું, "સ્નાન માટે હું મારું પંચિયું અને ટુવાલ આપું છું, તમે અત્યારે જ સ્નાન કરી લો." અમને આગ્રહ કરી સ્નાન કરાવતાં કહે, "અમારું કામ જ આ છે. સ્નાન કરાવી અંતરના મેલ ધોતા રહેવાનું."

આ પરમપુરુષનો પ્રેમ તો જુઓ. કેવા વહાલભર્યા વરદ-હસ્તથી પોતાની નાનકડી ખિસકોલીઓને પસવારે છે! પૂ. શ્રીનાં વસ્ત્રોને અડકતાં પણ સંકોચ થાય છે. ત્યાં પોતાના અંગત ઉપયોગ માટેના ટુવાલ અને પંચિયું અમને સ્નાન માટે આપે છે. અરે! આપણે સંસારી લોકો પણ આપણા ઉપયોગનાં વસ્ત્રો બીજા વાપરે તો સહન કરી શકતાં નથી, જ્યારે આ બાળકને સ્નાન કરાવી પોતાની સાડીથી બાળકનું શરીર સાફ કરી આપે તેમ આ પરમ માતા પોતાના બાળકોને પોતાના વસ્ત્રોથી સાફ કરે છે. દિવ્યપ્રેમ પારકું અને પોતાનું એવા ભેદ ક્યાં જુએ છે! પૂ. શ્રીનું આ પ્રેમ સ્વરૂપ! આજે પણ એ અંતરમાં એવું જ કોતરાયેલું છે!

Pujya Maa Sarveshwari

Yogesh Lad

It was a hot summer day in 1988. Satsung had just ended and Pujya Maa was preparing to leave for New Jersey. I was like everyone else standing in line preparing to receive darshan from Pujya Maa. I kept thinking, thank God the satsung is over. I sat for almost 3 hours playing with a few toys on the side. As my turn came, I glanced at Pujya Maa, bowed down and took the flower she gave for prasad. She did not say a word, nor did she look at me directly. I got up and left.

I don't think I will ever forget that day. The moment when I glanced at Pujya Maa changed my entire life. I don't know what it was about Pujya Maa, but something attracted me closer to her. As months went by, I attended more satsungs with my family and all of a sudden, Pujya Maa became my inspiration in life.

Through the 10 years I've known Pujya

Maa, she has changed each and every aspect of my life by playing three very important roles. Pujya Maa has become my teacher, helping me understand from what is right and what is wrong. She has taught me the importance of education and to strive for it with full determination. She has taught me to overcome obstacles and with faith, anything is possible.

Pujya Maa also became my Guru preaching the importance of religion and prayer. My belief in God and interest in culture was almost non-existent before meeting Pujya Maa. Now, almost everything I do is parallel with religion and more importantly, Pujya Maa. Each and every step I take in life, I take it with Pujya Maa.

Most importantly, Pujya Maa is also my Mother. She has taken care of me like her very own son always looking out for me while showering me with her love. Providing care like only a Mother can, she has been there for me always. Through prayers, Pujya Maa has listened and provided the answers I needed. She gives me confidence, strength,

faith, determination to accomplish anything in life. In return, I only wish to live the life that Pujya Maa wants.

What is really important to understand is that not only does Pujya Maa preach good things, she also practices them. She is a living example of perfection. The love she displays to God and offers to her children are unbelievable. Although we have many faults, she overlooks them and always concentrates on the positive. Pujya Maa also displays a sweetness that is rare in any saint. As the enormous amounts of candy she gives out to her children, Pujya Maa is equally sweet. By giving small pat on the back or saying something really funny, she gives a sense of caring and understanding like no one can. It is her sweetness that makes her Mother. pujya maa also has great discipline. I have never seen such determination and power to accomplish goals. If Pujya Maa wants something done, she does it right away. I think I've learned some of that. If you want to do things, then do it right now, why wait. For example, if Pujya Maa does not finish her mala or prayer, she refuses to take water until she has done.

I've had the honor of attending many functions with Pujya Maa. I've been with Pujya Maa to Florida, Syracuse, Ambaji, Edmonton-Vancouver, Ottawa, Alaska and many other places in the last ten years. Through each, I've learned many things. However, I will never forget my last Yatra to Alaska. Each and everyday, I learned something new about Pujya Maa. From hearing a story by a devotee or by just observing Pujya Maa's physical actions, I learned more on the Alaska Yatra than I did in the past 10 years. I wanted to know the most littlest details of her life. For example, the first thing Pujya Maa received when she went on her first Yatra was a Diary from her Father. So right from childhood, we see the discipline already being practiced. For the opportunity to attend the Yatra, I will be forever grateful to God.

On August 15, 1998, the youth of the Toronto Dhyan Kendra came together and preformed an outstanding show commemorating Pujya Shree Yogeshwarji's 77th birthday. Despite the physical absence of Pujya Maa, we all knew she was there spiritually. I

remember doing comic relief as an old strict teacher from Pujya Shree Yogeshwarji's past. The show was very serious and needed some humour. I was very concerned and nervous if the audience would laugh. Moments before I made my appearance, My heart began skipping beats. However, as soon as I went through the curtains, I saw a picture of Pujya Maa. It was like she was right there looking on. From that moment, I went out there and did my best. I had no hesitations and felt really relaxed. By just looking at her picture, my confidence went up. Pujya Maa has had a tremendous effect in each and everything I do.

Pujya Maa will forever be my Teacher, my Guru and my Mother. Her guidance and advice has helped me many times. I will always cherish each and every moment I spend with her and try to live a life she would approve of. She is truly one of the greatest Saints in this entire universe. Out of the billions of people in this world, I thank God to have Pujya Maa Sarveshwari as a Guru, but more importantly a Mother. Jai Kruaplu Maa.

પૂ. મા સર્વેશ્વરી

લેખક : યોગેશ લાડ
અનુવાદ : નારાયણ હ. જાની

સને ૧૯૮૮ ના ઉનાળાની ગરમીનો તે દિવસ હતો. સત્સંગ-ની બેઠક થોડીવાર પહેલાં જ પૂરી થઇ હતી અને પૂ. મા ટોરન્ટોથી ન્યુ જર્સી (અમેરિકા) જવાની તૈયારી કરી રહ્યાં હતાં. બીજાઓની જેમ પૂ. માના દર્શન માટે હું પણ લાઇનમાં ઊભો રહ્યો હતો. મેં વિચાર્યું હાશ, પ્રભુનો પાડ માનો કે સત્સંગ પૂરો થયો, (કારણ કે) લગભગ ત્રણ કલાક જેટલો સમય કેટલાંક રમકડાં સાથે રમવામાં મેં વીતાવ્યો હતો. મારો વારો આવ્યો ત્યારે મેં પૂ. મા સામે જોયું ને પ્રણામ કર્યા તેમ જ પૂ. માએ પ્રસાદ તરીકે આપેલું પુષ્પ ગ્રહણ કર્યું. પૂ. મા ન તો એક શબ્દ બોલ્યાં કે ન તો સાધે સીધું મારી સામે જોયું.

કિન્તુ હું તે દિવસને મારા જીવનમાં કદીય ભૂલી નહિ શકું. જે ક્ષણે મેં પૂ. મા સામે જોયું, કે તેઓએ મારું સારું જીવન જ બદલી કાઢયું. મને એ ખબર નથી, પૂ. મામાં એવું કંઇક હતું કે જે પૂ. માની વધુ નજીક મને ખેંચી ગયું. જેમ જેમ મહિનાઓ વીતતા ગયા, તેમ તેમ હું મારા માતાપિતા સાથે સત્સંગના કાર્યક્રમોમાં હાજરી આપવા લાગ્યો અને અચાનક જ પૂ. મા મારા જીવનનાં પ્રેરણાસ્રોત બની ગયાં !

છેલ્લાં ૧૦ વર્ષોમાં પૂ. માએ મારા જીવનના એકે એક પાસા-ને—ત્રણ પ્રકારની મહત્ત્વની ભૂમિકાઓ અદા કરીને—બદલાવી નાંખ્યું છે.

પૂ. માએ એક શિક્ષક તરીકે જીવનમાં સાચું શું ને ખોટું શું એ સમજવામાં મને મદદ કરી છે. જીવનમાં શિક્ષણનું મહત્ત્વ સમ-જાવી, પૂરા નિશ્ચયબળથી, તે માટે ખૂબ પુરુષાર્થ કરવાનું મને શીખવ્યું. શ્રદ્ધાની મદદથી જીવનમાં આવી પડતા અવરોધોનો સામનો કેમ કરવો તે બતાવ્યું. આવી શ્રદ્ધાથી સઘળું શક્ય બને છે.

જીવનમાં ધર્મ અને પ્રાર્થનાનું મહત્ત્વ પૂ. માએ મારાં આધ્યા-ત્મિક ગુરુ બનીને શીખવ્યું. હું પૂ. માને મળ્યો તે પહેલાં ધર્મ અને સંસ્કૃતિ વિષે સાવ અજ્ઞાત હતો. જ્યારે હવે હું જે કંઇ કરું છું તેમાં ધર્મ અને ખાસ કરી પૂ. માને નજર સમક્ષ રાખું છું. અત્યારે જીવનનું એકેએક કદમ હું પૂ. મા સાથે મીલાવીને ચાલું છું.

સૌથી મહત્ત્વની વાત તો એ છે કે પૂ. મા મારી માવડી છે. અરે હું જાણે તેમનો સગો દીકરો હોઉં તેવું ને તેટલું વાત્સલ્ય તેઓ મારા પર વરસાવતાં રહે છે. એક માતાની જેમ, મારી હર જરૂરિયાતમાં તેઓ હંમેશ મારી પડખે રહ્યાં છે, પ્રાર્થનાદ્વારા પૂ. માએ મારી વાતો સાંભળી છે. અને મારે જોઇતું માર્ગદર્શન પૂરું પાડયું છે. જીવનમાં જે કંઇ પ્રાપ્ત કરવું હોય તે માટેની જરૂરી શ્રદ્ધા, શક્તિ, આત્મવિશ્વાસ અને નિશ્ચયબળ પૂરાં પાડતાં રહે છે. બદલામાં મારે ભાગે જે ખરેખર મહત્ત્વનું છે તે એ છે કે પૂ. મા જે સારી વાતો છે તેનો માત્ર ઉપદેશ આપીને નહિ, પરંતુ તેનું આચરણ કરી બતાવે છે. અરે, તેઓ તો પૂર્ણતાનું જીવતું જાગતું ઉદાહરણ છે. પૂ. મા—પ્રભુ પોતાનાં બાળકો પ્રત્યે જે પ્રેમ વ્યક્ત કરે છે, તે કલ્પનાતીત છે. આપણામાં ઘણી બધી ક્ષતિઓ છે, પરંતુ તે પ્રત્યે ધ્યાન આપવાને બદલે જે સારું છે તે તરફ જ હંમેશાં પોતાનું લક્ષ કેન્દ્રિત કરે છે. ભાગ્યે જ કોઇ સંતમાં

વરતાતી મધુરતા, પૂ. મા વરસાવતાં રહે છે. નાનાં બાળકોને પૂ. મા ઢગલાબંધ મીઠી ચોકલેટો આપે છે. એટલું જ નહિ, પરંતુ તેઓ પોતે પણ એટલાં જ મધુર છે. જરા વાંસો થાબડીને કે વિનોદ કરીને, તેઓ જે રીતે યુવાનોને પ્રોત્સાહિત કરે છે ને તેમની લાગણીને સમજે છે, તેવું ભાગ્યે જ કોઇ કરી શકે. પૂ. માની આ પ્રકારની મધુરતા જ તેના માતૃભાવની નીપજ છે.

પૂ. મા ખૂબ ઊંચા પ્રકારનું શિસ્ત પણ ધરાવે છે. પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટેનું પ્રબળ નિશ્ચયબળ ને સામર્થ્ય તેમના જેવું મેં બીજાઓમાં જોયું નથી. પૂ. માની ઇચ્છા કંઇ કરવાની થાય તો તેનો તુરત જ અમલ કરી દે છે. મેં પણ તેમાંથી થોડી પ્રેરણા લીધી છે. જો તમારે કંઇક કરવું હોય તો તે હમણાં જ શરૂ કરી દો, રાહ જોવાની શી જરૂર છે! ઉદાહરણ તરીકે. પૂ. માના સ્તોત્રપાઠ કે માળાના નિયમો જ્યાંસુધી પુરા ન થયા હોય, ત્યાંસુધી તેઓ કશું જ લેવાની ના પાડી દે છે.

પૂ. મા સાથે કેટલાક કાર્યક્રમોમાં સામેલ થવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. છેલ્લાં દસ વર્ષોમાં પૂ. મા સાથે ફ્લોરિડા, સીરાક્રૂઝ, અંબાજી એડમન્ટન, વાનકુંવર, ઓટાવા, એલાસ્કા અને બીજાં કેટલાક સ્થળોની યાત્રાઓમાં હું જોડાયો છું. આવી દરેક યાત્રામાંથી હું ઘણું શીખ્યો છું. મારી એલાસ્કાની યાત્રાને તો હું કદી નહિ ભૂલી શકું. રોજ બ રોજ હું પૂ. મા વિષે નવું જ જાણતો થયો. પૂ. માના કોઇ ભક્તની વાત સાંભળીને કે પૂ. માનાં વ્યવહારોનું નિરીક્ષણ કરીને, અગાઉના દસ વર્ષોમાં મેં જે કાંઇ જાણકારી મેળવી હતી તેના કરતા ઘણી વધારે આ એલાસ્કા યાત્રામાં પ્રાપ્ત થઇ. પૂ. માના જીવનની ઝીણી ઝીણી વાતો જાણવાની મને જીજ્ઞાસા હતી. દાખલા તરીકે, જ્યારે તેઓ તેમના

પહેલા પ્રવાસમાં ગયાં. ત્યારે તેમના પિતાજી તરફથી તેમને (નોંધ કરવા) ડાયરી આપવામાં આવી હતી. આમ છેક બાળપણથી જ, નિયમોનું પાલન પૂ. માના જીવનમાં થતું જોવા મળે છે. પૂ. મા સાથે યાત્રામાં જોડાવાની તક માટે હું હંમેશા પ્રભુનો આભાર માનીશ.

૧૯૯૮ માં પંદરમી ઓગસ્ટના રોજ પ. પૂ. યોગેશ્વરજીના ૭૭ મા જન્મદિનની ઉજવણીની વિચારણા માટે ટોરોન્ટો ધ્યાન કેન્દ્રના યુવાન સાધકો મળ્યાં અને પૂ. શ્રીના જીવન પર આધારિત કોઇક સરસ કાર્યક્રમ કરવા વિચાર્યું પૂ. મા સ્થૂલ સ્વરૂપે તો ત્યાં હાજર ન હતાં છતાં અમે બધાં જાણતાં હતાં કે સૂક્ષ્મ દિવ્ય સ્વરૂપે તેઓ ત્યાં છે જ. મારે પૂ. શ્રીના બાળપણના જીવનનો કઠોર શિક્ષકનો—સહુને રમૂજ પૂરી પાડતો—રોલ ભજવવાનો હતો. આખો કાર્યક્રમ ભારેખમ હતો તેમાં થોડી રમૂજ સાથેના હાસ્યની જરૂર હતી.

પ્રેક્ષકો (મને જોઇ) હસી પડશે એ ભયે હું ચિન્તામાં થોડો નર્વસ થઇ ગયો હતો. મેં સ્ટેજ ઉપર પ્રવેશ કર્યો તેની થોડી ક્ષણો પહેલાં મને મારું હૃદય થોડા ધબકાર ચૂકી જતું લાગ્યું. છતાં મેં પડદા પાછળથી સ્ટેજ ઉપર જેવો પ્રવેશ કર્યો કે મેં પૂ. માનું સ્વરૂપ જોયું. તેઓ ત્યાં પ્રત્યક્ષ સ્ટેજ ઉપર હાજર રહી જોઇ રહ્યાં હોય એવું લાગ્યું. તે જ ક્ષણે સ્ટેજ ઉપર પ્રવેશી મેં મારી સર્વોત્તમ ક્ષમતા મુજબ અભિનય કર્યો. મારો બધો જ સંકોચ દૂર થઇ ગયો ને મેં ખૂબ રાહત અનુભવી. પૂ. માના સ્વરૂપ માત્રને જોવાથી, મારો આત્મવિશ્વાસ એકદમ જાગી ગયો ને મારો અભિનય ખરે જ ખૂબ સફળ રહ્યો આમ પૂ. મા હું જે કાંઇ કરું તેના ઉપર અપૂર્વ પ્રભાવ પાડતાં રહે છે.

પૂ. મા હંમેશ માટે મારાં શિક્ષક, ગુરુ અને માતા બની રહે! તેઓના માર્ગદર્શન અને સલાહે મને ઘણીવાર મદદ પહોંચાડી છે. તેઓની સાથે ગાળેલ હરેક ક્ષણનો આનંદ હું કાયમ માણતો રહીશ અને પૂ. માને ગમે તેવું જીવન જીવવા પ્રયત્ન કરતો રહીશ. (મારા મતે) તેઓ ખરે જ આ વિશ્વના સર્વશ્રેષ્ઠ સંતોમાંના એક છે. આ દુનિયાના કરોડો માનવોમાંથી, પૂ. મા સર્વેશ્વરી મને ગુરુ તરીકે નહિ, કિન્તુ વિશેષ કરીને માતા તરીકે પ્રાપ્ત કરી આપવા માટે હું પ્રભુનો ખૂબ ખૂબ આભારી છું. જય કૃપાળુ મા.

જાગવાની જરૂર

સંસારના માણસોને પૂછો કે તેમને શું જોઈએ છે? તો કોઈ કહેશે, રૂપાળી પત્ની, પુત્ર, પૈસો, પદ, પ્રતિષ્ઠા. અરે, ભૌતિક વસ્તુઓનું લાંબુ લીસ્ટ આપશે. પરંતુ કોઈક જાગી ગયેલો જીવ જ પરમાત્મા કે પ્રભુનું દર્શન માગશે.

યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧.

શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

યશસ્વીભાઈ ય. મહેતા

એ એક શનિવારની રાત હતી. ચાર દિવસ સતત વરસાદની હેલી વરસી હતી. મનમોહન મિત્રને સ્વપ્ન આવ્યું કે આખી દુનિયા જળબંબાકાર થઈ ગઈ છે ને જ્યાં નજર નાંખો ત્યાં ભયંકર પાણીના મોજાંઓ ઉછળે છે. જમીન ક્યાંય દેખાતી નથી તો કિનારો તો ક્યાંથી જ દેખાય? દુનિયાભરમાં તેના એક સિવાય કોઈ માનવી બચ્યું નથી. કોઈ દેખાતું નથી. ભયભીત થઈ તેણે બૂમ પાડી : મારાં બધાં કુટુંબીજનો પત્ની, સંતાન, મા કોઈ દેખાતું નથી. બધાં ડૂબી ગયાં લાગે છે. હવે મારે જીવીને શું કામ છે? આ અગાધ જલધિમાં મારે ય ડૂબી મરવું જોઈએ. આ સંસારમાં હું એકલો જીવીને શું કરું? તેણે ડૂબી મરવા કોશિષ કરી. ડૂબવાને બદલે તેના હાથમાં લાકડાનો તરાપો આવ્યો. તેની ઉપર તે કેવી રીતે આવી ગયો? તરાપો એકાએક ક્યાંથી આવી ચડયો. અબઘડી સુધી તો અહીં પાણી સિવાય કાંઈ હતું જ નહિ!

અવાજ આવ્યો હવે આ દુનિયામાં કોઈ બચ્યું નથી. જેમણે ઈશ્વરનો આશ્રય, શરણાગતિ સ્વીકારેલ છે તે જ બચશે. એ બધા ક્યાં છે? ધીરજ ધર. આ તરાપા ઉપર બેસી રહે. તે બધા તને મળશે. પણ આ તરાપો? તે ઈશ્વરે જ મોકલ્યો છે. પરંતુ આ અફાટ જલસાગર પાર, આ તરાપો શી રીતે ઉતારી શકશે? તેના હૃદયના ધબકારા વધી ગયા. તેની આંખ હવે ઉઘડી ગઈ હતી. તેણે જોરથી બૂમ પાડી હું ક્યાં છું? આ મહાસાગર ક્યાં અદૃશ્ય થઈ ગયો? બાજુમાં બધાં નિરાંતે ઉંઘતાં હતાં. તેની પત્ની જાગી

ગઈ. "તમે કેમ હાંફી રહ્યા છો? તમને શું થઈ ગયું છે? મન-મોહને પૂછ્યું હું ક્યાં છું? પત્નીએ કહ્યું તમે અહીં જ છો. તમે બધાં ક્યાં ગયાં હતાં? 'અહીં જ, ક્યાંય બીજે ગયાં નથી.' મન-મોહને આંખ ફાડીને જોયું. તે પોતાના ઘરમાં જ હતો. કુટુંબીજનો હેમખેમ હતાં. પત્નીએ પૂછ્યું : તમને કોઈ સ્વપ્નું આવ્યું લાગે છે. હા. એ સ્વપ્ન, સાચે જ એક સ્વપ્ન હતું. તે ખાત્રી થયા પછી સ્વપ્નમાં લાગેલ થાકથી તેને ગાઢ નિદ્રા આવી ગઈ.

બીજે દિ' તેના પિત્રાઈ ભાઈ રામચંદ્રદત્તને તેણે આ સ્વપ્ના-ની વાત કરી. રામે કહ્યું : તે સ્વપ્નું સાચું હતું. વિશ્વમાં સૌ કોઈ માયાના મહાસાગરમાં ડૂબી ગયેલાં જ છે! કેવળ માયાપતિના, ઈશ્વરના શરણાગત થાય, થયા છે તે જ બચ્યાં છે કે બચે છે.

૧૩ નવેમ્બર ૧૯૭૯ રવિવારનો દિવસ હતો. સ્વપ્નની રાત પૂરી થયા પછીનો પ્રથમ દિવસ. તેણે કહ્યું : રામ, દિવસોથી હું દક્ષિણેશ્વર રામકૃષ્ણ પરમહંસને મળવાનું વિચાર્યા કરું છું. કેશવચંદ્ર સેનના સમાચારપત્ર'સુલભ સમાચાર'માં તેમની વિષે વાંચવા મળ્યું પણ કંઈ ને કંઈ આવરણ આવે છે. રામે કહ્યું : ચાલો. તો આપણે આજે જ જઈએ!

નાવ ભાડે કરી બન્ને દક્ષિણેશ્વર મંદિર પહોંચ્યા ને પૂછપરછ કરતાં ઠાકુરના બંધ ઓરડાએ આવી પહોંચ્યા. બારણે ટકોરા માર્યા કે એક સામાન્ય જન જેવા આદમીએ બાર ઊઘાડયું. ને અમને જોઈ માથું નમાવી હાથ જોડી નમ્રતા ને પ્રેમપૂર્વક નાની પાટ પર બેસાડયા. રામ તરફ ફરીને તેણે પૂછ્યું : તમે તો ડોક્ટર છો. મારા ભાણેજને ઠીક નથી. તમે તેને તપાસી જુઓ ને! તેણે આંગળી ચિંધી. ફરસ ઉપર એક પ્રચંડ કાય પુરુષ ચત્તોપાટ સૂતો હતો. તેનું

નામ હૃદયનાથ હતું તે પછીથી જાણ્યું. પરંતુ રામ ડોક્ટર છે તેની માહિતી આને કોણે આપી? બંને જણ પહેલી જ વાર અહીં આવ્યા હતા. બંનેને હવે ખ્યાલ આવ્યો કે આ જ વ્યક્તિ રામકૃષ્ણ પરમહંસ હોવી જોઈએ!

પણ આ શું? તદ્દન સામાન્ય, આમજન જેવા દેખાતા આ માણસનાં જ પેટભરીને કેશવચંદ્ર સેન તેના અખબારની કટારો ભરીને લખે છે? કેવું આશ્ચર્ય! આ પરમહંસના અદ્દભુત રીતે દેદીપ્યમાન દેખાતા ચહેરા સિવાય બીજું કંઈ જ અસામાન્ય ન હતું! માથે મૂંડન નહીં! કપાળમાં કોઈ તિલક નહીં! શરીર ઉપર એક જ સફેદ ધોતી જે નીચેના ભાગમાં વિંટીને બાકી ઉપરના અર્ધા-ભાગને ઢાંકતી હતી! વસ્ત્રો ય સંન્યાસીના જેવાં રંગેલાં ન હતાં.

ઠાકુર બોલ્યા : હૃદુ, આ બંને કલકત્તાથી આવ્યા છે. તેઓ સાદા સરલ છે. બ્રહ્મોસમાજના નથી! મનમોહને તુરત વળતાં કહ્યું : હું તો બાળપણથી બ્રહ્મોસમાજને વરેલો છું. બ્રહ્મો ધર્મ જ દુનિયામાં એક માત્ર સાચો ધર્મ છે. હું મૂર્તિપૂજાને ધિક્કારું છું? ઠાકુર મનમોહનને આશ્વસ્ત કરતાં બોલ્યા : એટલે હું એમ કહેવા માગું છું કે તમે સમાજના કોઈ એક કે બીજા જૂથના નથી! મનમોહનનો મૂંઝારો વધી ગયો. ઠાકુર આગળ બોલ્યા : જે રીતે લાકડાનું સફરજન સાચા સફરજનનું સ્મરણ કરાવે છે તેવી જ રીતે દેવીદેવતાની મૂર્તિઓ, તેમની ચન્મય શક્તિ, દિવ્ય સ્વરૂપને પ્રકાશિત કરે છે. ઈશ્વર સર્વત્ર, સર્વજ્ઞ, સર્વશક્તિમાન છે અને તે જડ કે ચેતન ગમે તેમાં પોતાની ઈચ્છાનુસાર પોતાના સ્વરૂપને પ્રકટ કરે છે, કરી શકે છે. બંને સાંજ સુધી દક્ષિણેશ્વરમાં રોકાયા. આ અશાંતિ ને દુઃખ ભરેલા સંસારમાં સાચા પવિત્ર ને દિવ્ય સંતમહાત્માના સાન્નિધ્યમાં કેટલી બધી અદ્દભુત શાંતિ ને આનંદ

મળે છે તેનો સાક્ષાત્ અનુભવ કરી કલકત્તા પાછા ફર્યા, બંનેને વળાવતાં પ્રેમપૂર્વક બોલ્યા : વળી પાછા જરૂર આવજો. બંને જણાએ સાંસારિક શિષ્ટાચાર ને અલૌકિક આચાર, આવકાર વચ્ચેના તફાવતનો અનુભવ કર્યો. પ્રણામપૂર્વક બંનેએ કહ્યું : અમે જરૂર આવીશું.

* * *

બીજા રવિવારે વહેલી સવારે દક્ષિણેશ્વર પહોંચી મનમોહને પ્રણામ કરતાંવેંત પ્રશ્ન કર્યો : કોઇ ઈશ્વરને સાકાર તો કોઇ નિરાકાર તો કોઇ તેને કાલી, શિવ, કૃષ્ણ કહે છે. આમ ઈશ્વરનું સાચું સ્વરૂપ શું છે તે કહેશો?

ઠાકુર મીઠું હસ્યા ને બોલ્યા : ઈશ્વર સાકાર છે, વળી નિરાકાર છે ને વળી સાકાર—નિરાકારથી અતીત, પર છે તેની ઈતિ કરી શકાય નહીં! તે સર્વજ્ઞ, સર્વત્ર, સર્વશક્તિમાન છે. જડ—ચેતન બધા પદાર્થો તેની જ અભિવ્યક્તિઓ છે. ઈન્દ્રિયો, મન, બુદ્ધિ ઈન્દ્રિયોના વિષયો પણ તેના જ આવિષ્કાર છે. જેમ કે એક જ પદાર્થ સ્થૂળ રૂપમાં બરફ, સૂક્ષ્મરૂપે જલ ને વાયુસ્વરૂપમાં વરાળ છે. સાધકની ભાવના અનુસાર ઈશ્વર પોતાને તે સ્વરૂપે પ્રકટ કરે છે. જ્ઞાનીને તે નિરાકાર, નિર્ગુણ, અનંત આકાશરૂપે, તો ભક્તને સાકાર દેવી કે દેવતારૂપે દર્શન આપે છે. તમે ઈશ્વરનું સાચું સ્વરૂપ જાતે જાણવા ઇચ્છતા હો તો એકાંતવાસ કરો. તેને વ્યાકુળતાપૂર્વક પ્રાર્થના કરો. આજીજી કરી તેના સ્વરૂપને પ્રકટ કરવા કહો. રડો. સાચા દિલથી રડો. કહો તો! સંસારમાં કોણ ઈશ્વર માટે રડે છે? સૌ કોઇ નામ, યશ, ધન, વૈભવ, વિલાસ, સ્ત્રી—પુત્ર માટે ઘડો ભરી ભરી આંસુ સારે છે!

મનમોહને કહ્યું : હૃદયમાં જ્યારે ઈશ્વરના સાન્નિધ્યનો

અનુભવ થાય ત્યારે જ સંસારમાં સાચાં સુખ—શાંતિ મળે છે. કેવળ બૌદ્ધિક કે તાર્કિક સમજ ને નાસ્તિકતા વચ્ચે કોઇ તફાવત નથી. ઠાકુર બોલ્યા : પ્રારંભમાં સાધકે શાસ્ત્ર ને ગુરુની આજ્ઞા મુજબ, શ્રદ્ધાપૂર્વક સાધના કરવી જોઇએ. આ શ્રદ્ધા પ્રાથમિક છે. બીજી શ્રદ્ધા ઈશ્વરના સાક્ષાત્કારથી આવે છે તેને પાકી શ્રદ્ધા કહે છે. પહેલાં પ્રાથમિક શ્રદ્ધાનું પગથિયું ચડો, પછી આપોઆપ બીજા પગથિયે પહોંચી શકશો.

હવે મનમોહન દર રવિવારે અચૂક રામકૃષ્ણદેવ પાસે પહોંચી જતો. એકવાર ઠાકુર બોલ્યા : આ જગત મિથ્યા છે. ઈશ્વર જ સત્ય છે. આ શબ્દો મનમોહનના હૃદયને ભેદી તેના અસ્તિત્વમાં ભળી ગયા. સાચે જ તેને જગતની અનિત્યતા ને મિથ્યાત્વનો અનુભવ થયો.

એકવાર ઠાકુરે કહ્યું : આ સંસાર આગની ભઠ્ઠી છે. તેને આનંદની કુટિ બનાવતાં શિખવું જોઇએ. સદાસર્વદા ભગવદ્-સ્વરૂપમાં, તેની લીલામાં, તેના અનંત ગુણોમાં મનને પરોવેલું રાખશો તો સંસારાગ્નિની આંચ તમને તેની વચ્ચે રહેવા છતાં લાગશે નહીં. કાદવમાં રહેતી માછલીની જેમ તમે ય તે કાદવથી ખરડાશો નહીં! ઠાકુરે મનમોહનને આશ્વસ્ત કરતાં એક વાર કહ્યું :

સંસારમાં દુઃખ, ક્લેશ, કંકાસનો પાર નથી. પરંતુ ઈશ્વરના પવિત્ર નામમાં અગાધ શક્તિ છે. તેનો આધાર લેશો તો તેના ત્રિતાપથી બચી જશો.

એકવાર મનમોહને પૂછ્યું : શું ઈશ્વર ખરેખર ભક્તની પ્રાર્થના સાંભળે છે? ઠાકુર એકદમ ઉત્તેજિત અવાજે બોલી ઊઠ્યા : તમે આવો પ્રશ્ન કેમ કરો છો? આવો પ્રશ્ન તો ઈશ્વરમાં

સાચી શ્રદ્ધાના અભાવ કે બોદી શ્રદ્ધામાંથી જ ઉદ્‌ભવે છે. ઈશ્વર સર્વત્ર, સર્વજ્ઞ, સર્વશક્તિમાન છે. કીડીના પગલાંનો અવાજે ય તે સાંભળે છે તે શું ભક્તની પ્રાર્થના સાંભળ્યા વિના રહે? મનમોહને માફી માગતાં કહ્યું : ઠાકુર આ પ્રશ્ન મારી અશ્રદ્ધા નહીં, અજ્ઞાન-માંથી ઉદ્‌ભવ્યો છે.

મનમોહને બીજી વાર પૂછ્યું : મહારાજ, ઈશ્વર માટેની વ્યાકુળતા શી રીતે વધે? ઠાકુરે હસીને કહ્યું : ઉતાવળ કરવાથી કશું વળતું નથી. આ માટે ય સમય પરિપક્વ થાય છે. માત્ર વિચાર કરવાથી ભૂખ લાગતી નથી. તે માટે વ્યાયામ, શ્રમ કરવો પડે છે. તે જ રીતે નિયમિત નામસ્મરણ, જપ, ધ્યાન, પ્રમાદ કર્યા વિના, કરવું પડે છે. વળી મનમાં સાંસારિક સુખની તૃષ્ણા ભરી પડી છે. તેને પૂરી કર્યા વિના, તેની નિરર્થકતા સમજાતી નથી. વિષયસુખ ભોગવવાથી જ તેની સાર્થકતા સાથેની નિરર્થકતાનો સતત અનુભવ થતાં વિષયસુખની લાલસા મંદ પડવા લાગે છે. ઈશ્વર જ આ જીવ–જગત–માયા બન્યો છે. માયાનો પાર નથી. ભક્તને પોતાની તરફ વાળવા તે ભોગની વ્યવસ્થા કરી આપે છે. ને તે પછી ભોગમાંથી મુક્તિ અપાવી યોગ કરાવી આપે છે. ઈશ્વરની શરણાગતિથી બધું અશક્ય લાગતું હોય તે શક્ય બને છે. ભોગની વચ્ચે ય તેને બોલાવતાં શિખો. તેને પ્રાર્થના કરો. પ્રભુ, હું નિર્બળ છું. ભોગેચ્છાથી ભરેલો છું. મને આપની તરફ વાળવા તેમાંથી મુક્ત કરો. સાચા દિલથી કરેલી પ્રાર્થના અચૂક ફળે છે. આ માટે રોજ સવારસાંજ સંધ્યાકાળે નિત્ય નિયમિત પ્રાર્થના કરવી. મનને ફરજ પાડો. સહેજ પ્રમાદ પણ સાધકના પતનને નોતરે છે.

રામકથા

(જાન્યુઆરી–૨૦૦૦ થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સીતાએ એને જોઇને કહ્યું : 'મંદોદરીએ કરેલી મારી સેવા મારાથી જીવનભર નહિ ભૂલી શકાય. એના બદલામાં એને શું આપું એની સમજ નથી પડતી.'

મંદોદરી બોલી : 'બહેન બહેનને મદદ કરે એમાં આપવાનું શું હોય? તમારા સૌનો પ્રેમ મને મળી શક્યો છે એ જ મારી ધન્યતા માટે પર્યાપ્ત છે. મારે બીજું કશું જ નથી જોઇતું.'

'તારે નથી જોઇતું, પણ મારે જોઇએ છે, હું તારી પાસે માગું છું કે, બધા પોતપોતાને ઘેર જવા માટે વિદાય થાય તોપણ તારે થોડાક વધારે વખતસુધી અહીં મારી પાસે જ રહેવું પડશે. તું મને તે માટે વચન આપ.'

'વધારે વખત રહીને પણ એક દિવસ છૂટાં તો પડવાનું જ છે ને?'

'તોપણ.....' સીતાનું હૃદય ભરાઇ આવ્યું : 'હું તો ઇચ્છું છું કે તું મારી પાસેથી જાય જ નહિ અને લંકાને બદલે હવે અયોધ્યામાં જ વાસ કરે.'

સીતા વધારે ન બોલી શકી.

મંદોદરી ગદ્‌ગદ્ બનીને બોલી : 'ભલે. તારી ઇચ્છાનુસાર અહીં થોડાક દિવસ રહી જઇશ. તને સંતોષ થશે ત્યાંસુધી. બસ?'

રામના આગમન પછી અયોધ્યાનું કલેવર એકદમ બદલાઇ ગયું.

પ્રજા સર્વ પ્રકારની ચિંતાથી મુક્ત બનીને પોતાનું જીવન ખૂબ જ સુખશાંતિ તથા આનંદપૂર્વક જીવવા લાગી.

રામના રાજ્યકાળ દરમિયાન વરસાદ સમય પર સારી રીતે વરસતો, ધરતી ધાન્યથી ભરપૂર કે સમૃદ્ધ રહેતી, ઋતુઓ અનુકૂળ થતી, સમસ્ત પ્રકૃતિ માનવની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરતી.

જ્યારથી રામે રાજ્યની ધુરા સંભાળી ત્યારથી પ્રજા અખંડ અને અનંત આનંદમાં અવગાહન કરવા લાગી. પ્રજા પોતપોતાના ધર્મ કે કર્તવ્યના અનુષ્ઠાનમાં તત્પર બની.

રામના રાજ્યમાં કોઇ દુઃખી ન હતું, રોગી ન હતું ને દરિદ્ર કે કંગાળ ન હતું.

કાયદા ઓછામાં ઓછા હતા, અને એમનો અમલ કરવાનો અવસર ભાગ્યે જ ઉપસ્થિત થતો, કારણ કે સૌ ધર્મ ને નીતિની મર્યાદામાં રહીને જ જીવન જીવતા.

લોકો વ્યસનોથી રહિત હતા. પરધનને પત્થર બરાબર અને પરસ્ત્રીને માતા કે બહેન બરાબર માનતા. સ્ત્રીઓ પણ પરપુરુષને પિતા અથવા ભાઇસમાન સમજતી.

સમાજમાં ક્યાંય વ્યભિચારનું નામનિશાન ન હતું દેખાતું.

ચોરી, હિંસા, કૂડકપટ અને અસત્યનો આધાર કોઇયે ન લેતું. એમનો પરિચય કેવળ પુસ્તકોનું પારાયણ કરનારને જ થઇ શકતો.

દૂધ ને ઘી પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થતાં. એમને વેચવાની પ્રથા ક્યાંય નહોતી દેખાતી.

પ્રજા ભૌતિક રીતે તો સુખી જ હતી પરંતુ આત્મોન્નતિની દૃષ્ટિથી પણ આગળ હતી.

અયોધ્યામાં અને ખાસ કરીને રામના સહવાસમાં રહેવાનો આનંદ એવો તો અજબ અથવા અનેરો હતો કે સુગ્રીવ, વિભીષણ, અંગદ કે હનુમાન અને બીજા વાનરયોદ્ધાઓ ત્યાંથી જવાનું નામ જ નહોતા લેતા.

દિવસો તથા મહિનાઓ વીતી ગયા તોપણ એમને એવું લાગવા માંડ્યું કે અયોધ્યામાં જાણે હજુ હમણાં, આજે જ આવ્યા છીએ.

પરંતુ રામની સૂચનાથી છેવટે એમણે પોતપોતાને ઘેર જવા માટે તૈયાર થવું પડ્યું.

પોતાના કર્તવ્યનો વિચાર કરીને ના છૂટકે એમની તથા બીજાની વિદાય લીધી.

મંદોદરી તથા હનુમાન સિવાય બીજા બધા જ પુષ્પક વિમાનમાં બેસી ગયા.

એ પહેલાં સૌએ રામ, સીતા, ભરત, લક્ષ્મણ તથા બીજા આમજનોને પ્રણામ કર્યાં.

રામે કહ્યું : 'તમારાથી છૂટા પડતાં મને ભારે દુઃખ થાય છે. છતાં પણ વિધાતાની ઇચ્છા માનીને છૂટા પડવું પડે છે. અવારનવાર અયોધ્યા આવતા રહેજો. તમારા વિના અયોધ્યા ખરેખર સૂની લાગશે.'

(ક્રમશઃ)

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

Form–IV (See Rule–8)

1.	Place of Publication :	'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1
2.	Periodicity of its : publication	Monthly.
3.	Printer's name, Nationality and address :	Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar.
4.	Publisher's name, Nationality and address :	Same as above.
5.	Editor's name, Nationality and address :	Same as above.
6.	Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital.	The Magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 17 th, March 2000

Narayan H. Jani
Publisher.

* માનવશરીરની મહત્તા *

અંતરંગ આત્મિક અન્વેષણને માટે માનવશરીરમાં અસીમ શક્યતાઓ સમાયેલી છે. એને મહત્ત્વનું માધ્યમ બનાવીને એના સમ્યક્ સદ્‌બુદ્ધિસહિતના સદુપયોગથી પરમશાંતિ, અવિદ્યાનિવૃત્તિ, જીવનમુક્તિ તથા પરમાત્મપ્રાપ્તિ કરીને માનવ નરમાંથી નારાયણ અથવા પુરુષમાંથી પુરુષોત્તમપદે પહોંચી શકે છે ને કૃતાર્થ બને છે. એવી અસાધારણ શક્યતા અન્ય કોઇ પણ શરીરમાં નથી સમાયેલી. અન્ય કોઇ પણ શરીરદ્વારા આત્મવિકાસની એવી શકવર્તી સાધના નથી કરાતી. એટલા માટે જ માનવદેહને દુર્લભ, સુદુર્લભ, દેવોને પણ દુર્લભ, મુક્તિનું મંગલમય મંદિરદ્વાર તથા સાધનધામ કહ્યો છે. માનવશરીર એક શકવર્તી સીમાચિહ્ન અથવા સારગર્ભિત સોપાન સરખું છે. ત્યાંથી આકાંક્ષાનુસાર આગળ પણ વધી શકાય અને પાછળ પણ પડી શકાય. દેવ પણ બની શકાય અને દાનવ પણ. છતાં પણ એની મહત્તાને મોટાભાગના માનવો નથી જાણતા. ને જાણે છે એમનામાં પણ અતિશય અલ્પસંખ્યક માનવો એ મહત્તાને સાકાર કરવા કોશિશ કરે છે. એ મોટામાં મોટી કરુણતા છે. એટલા માટે શ્રી આદ્યશંકરાચાર્યે એમના વિવેકચુડામણિનામના સદ્‌ગ્રંથમાં કહ્યું છે કે પરમાત્માની પરમકૃપાથી, સત્કર્મોના શ્રેષ્ઠ સમુદાયથી દુર્લભ માનવશરીરને મેળવીને, પુરુષત્વ તથા પાંડિત્યને પામીને જે પોતાની મુક્તિને માટે પ્રયત્ન કરતો નથી તે માનવ આત્મઘાતક છે. અસત્ય વસ્તુઓ કે વિષયોના પાશમાં પડીને તે પોતાનો નાશ નોતરે છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

* શરીરના અવકાશયાત્રી બનો *

વૈજ્ઞાનિકો જગતના રહસ્યને હસ્તગત કરવાના પ્રયોજનથી પ્રેરાઈને બાહ્ય જગતનું અથવા અવકાશનું અન્વેષણ કરે છે. ચંદ્ર, મંગળાદિ ગ્રહોમાં કેવી શક્યતાઓ રહેલી છે, જીવન અને જીવનને યોગ્ય સામગ્રી છે કે નહીં તેને શોધવાના પાર વિનાના પ્રમાણિક પ્રયોગો આદરે છે. યોગી યોગસાધનાની મદદથી પોતાની અંદરના જગતનું અન્વેષણ કરીને પોતાના શરીરમાં કેવીક શક્યતાઓ સૂતેલી છે, કેવા શક્તિ ભંડારો ભરેલા છે, જડ શરીરની અંદર ચૈતન્યતત્ત્વ છે કે નહીં અને હોય તો તેનું સ્વરૂપ અને અધિષ્ઠાન કેવું છે તેની માહિતી મેળવવાનો પ્રયત્ન કરે છે. એ દૃષ્ટિએ જોતાં એ પણ એક વૈજ્ઞાનિક છે. એ બાહ્ય જગતને જાણવાની જેટલી આકાંક્ષા નથી રાખતો જેટલી એના પોતાના આંતરજગતને. પિંડને જાણવાથી બ્રહ્માંડના આવશ્યક રહસ્યજ્ઞાનની ઉપલબ્ધિ સહેલાઈથી થઇ શકશે. એવો આત્મવિશ્વાસ હોય છે. બાહ્યજ્ઞાનની લાલસા એને સહેજ પણ સતાવતી નથી. કારણ કે અખિલ બ્રહ્માંડના સઘળા પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત થાય પરંતુ પોતાનું જ જ્ઞાન ના સાંપડે, પોતાના જ રહસ્યને ના ઉકેલી શકાય, પોતાના સત્ય સ્વરૂપને ના શોધી શકાય, તો શું કામનું? એવું બાહ્યજ્ઞાન આત્મવિકાસની દૃષ્ટિએ આશીર્વાદરૂપ નહીં કરે અથવા શાંતિદાયક નહીં બને. એટલા માટે જ એ યોગસાધનાદ્વારા પોતાની અંદરની દુનિયાનો અસાધારણ અવકાશયાત્રી બનીને પોતાના વાસ્તવિક સ્વરૂપને શોધવાનો પ્રયાસ કરે છે. યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.